॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ ત્યાં જ પાછા ફરવાનું છે, જ્યાંથી યાત્રા શરૂ થાય છે ॥

જિંદગી કંઈક એવી છે કે જ્યાંસુધી તમે બહુ દ્વારો પર ભટકી ન લો ત્યાંસુધી તમે 'પોતાના દ્વાર' સુધી આવી શકતા નથી. યાત્રીઓનો અનુભવ છે કે જ્યાંસુધી બીજા દેશોમાં ઘૂમી ન વળે ત્યાંસુધી 'પોતાના દેશ'ની પહેચાન જ નથી થતી. કહેવાય છે કે યાત્રી સુખની તલાશમાં જાય છે, દુનિયાનું ચક્કર લગાવે છે. પાછા ફરીને ઘરમાં સુખ પામે છે. અનોખો વિશ્રામ અનુભવે છે. યાત્રાઓ એમને થકવી નાખે છે કિન્તુ એ થાકમાં પસાર થવું જરૂરી છે. નહિ તો ઘરમાં તો તે પહેલેથી મોજૂદ જ હતો. સુખ-શાંતિ માટે ક્યાંય જવાની જરૂર ન હતી, પણ 'ઘરની પહેચાન' ખોવાઈ જાય છે. આપણે આપણા ઘરથી એટલા બધા ટેવાઈ ગયા હોઈએ છીએ, હંમેશાં ત્યાં જ રહ્યા હોવાથી, એનો સાચો એહસાસ નથી હોતો એટલે એની ઓળખ પાછી મેળવવા થોડું ભટકવું જરૂરી બને છે. ઘરથી દૂર જવું એટલે જરૂરી છે કે, આપણું ઘર આપણને દેખાઈ શકે, એની અતિપરિચયાદ્ અવજ્ઞા ન થાય. અર્થાત્ માર્ગ પર આવવા ભટકવું પણ જરૂરી બની જાય છે. બધાંએ અસલમાં ઘરે જ પહોંચવાનું હોય છે, જ્યાંથી શરૂઆત થઈ હોય છે. આમ તો ક્યાંય જવાનું નથી. જ્યાંથી જીવનનું પહેલું કિરણ યાત્રા પર નીકળે છે ત્યાં જ પાછા ફરવાનું નામ ધર્મ છે.

જીસસ કહે છે : 'પુનઃ બાળક જેવા થઈ જાઓ. ગર્ભસ્થ થઈ જાઓ. નિર્દોષ-નિષ્પાપ થઈ જાઓ. એટલે વર્તુળ પૂરું !' યાત્રાનું પ્રથમ બિંદુ એ અંતિમ મંઝિલ ! બસ તમે પહોંચી જાઓ જ્યાંથી શરૂ કર્યું ત્યાં જ પહોંચવાનું છે. એનાથી અતિરિક્ત કોઈ મંઝિલ જ નથી. એ જ તમારું ઘર-જ્યાંથી જિજ્ઞાસા શરૂ. ત્યાં જ પાછા ફરવાનું-ભીતર ! જિજ્ઞાસાની પહેલી ક્ષણ અને મુક્તિની અંતિમ ક્ષણ વચ્ચે કોઈ ભેદ નથી.

**—સંકલન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજીનો લીલાસંવરણદિન

(૧૮, માર્ચ, ૧૯૮૪)

## ॥ યાત્રા-અર્ઘ્ય વિશેષાંક ॥

'હવે યાત્રા કરવાની રહી નહિ.
યાત્રિક જ ન રહ્યો.
ઈશ્વર હવે સંનિકટ જ નહિ.
અવિભક્ત છે.
યાત્રાપથ આનંદપૂર્ણ એકત્વમાં પરિણમ્યો
અને રહ્યો કેવળ
અસ્તિત્વનો પરમ આનંદ.'



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૪ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | 'દર્શન તારું તું કરી લેજે' | " | ૮ |
| ૩. | 'યાત્રા'નું માહાત્મ્ય | પૂ.શ્રી યોગેશ્વરજી | ૯ |
| ૪. | પ્રભુના પાવન પગલે પદયાત્રા | શ્રી રાજીવભાઈ જાની | ૧૦ |
| ૫. | શ્રી કોટેશ્વર, દેવપ્રયાગ, અમૃતસરની યાત્રા | શ્રી હિરેનભાઈ દવે | ૧૭ |
| ૬. | પ્રાર્થનાનો પ્રત્યુત્તર, ધન્યતાનો અનુભવ | શ્રી યોગેશ કવીશ્વર | ૨૩ |
| ૭. | એક અધૂરી યાત્રા પૂર્ણતા પામી | શ્રી અશ્વિન કાકા | ૨૬ |
| ૮. | અમારી યાત્રા એટલે કૃપાયાત્રા | શ્રી સ્નેહલભાઈ પુરોહિત | ૩૩ |
| ૯. | અશક્યને શક્ય કરનાર 'મા' | શ્રી મહુભાઈ ભક્ત | ૩૭ |
| ૧૦. | પદયાત્રાનું સ્વપ્ન 'મા' કૃપાથી ફળ્યું | શ્રી વિનોદભાઈ સોલંકી | ૪૪ |
| ૧૧. | શ્રદ્ધા જ મંઝિલ પર લઈ ગઈ | ડૉ. ગાર્ગી ત્રિવેદી | ૪૬ |
| ૧૨. | પદયાત્રા-દૈવીકૃપા | શ્રી મયૂરી ટેલર | ૪૭ |
| ૧૩. | 'મા' સ્મરણથી ઝંકૃત પદયાત્રા | શ્રી શૈલી | ૫૨ |
| ૧૪. | દેવપ્રયાગથી કોટેશ્વર | શ્રી પૂજા | ૫૫ |
| ૧૫. | કોટેશ્વર મહાદેવ યાત્રા | શ્રી અરુણભાઈ કણજરિયા | ૫૭ |
| ૧૬. | રથી બન્યો પદયાત્રીનો સારથિ | શ્રી જયશ્રીબેન પુરોહિત | ૫૯ |
| ૧૭. | પદયાત્રા-એક સુંદર ભેટ | શ્રી સુકૃતિ જાની | ૬૧ |
| ૧૮. | હિમાલય-પદયાત્રા | શ્રી ચંદ્રકાન્તભાઈ | ૬૨ |

## **નિવેદન** : મહાત્મા શ્રીયોગેશ્વરજીની ચેતનાયાત્રા

'મનુષ્યની સહજ સ્થિતિ 'ચૈતન્ય' જ છે. તે નથી શરીર ને નથી મન. આ ચૈતન્ય શાશ્વત છે. એને માટે નથી જન્મ, નથી મૃત્યુ, નથી બંધન, નથી મુક્તિ.' એ 'સત્ય'ની જીવનભર પ્રતીતિ કરી, મા જગદંબાને સર્વસ્વ સોંપી, કોઈનેય ગુરુપદે સ્થાપ્યા વિના કેવળ ઈશ્વર સાથે ગહન પ્રેમથી અનુસંધિત રહી; એવી સભાન 'આત્મચેતનાની યાત્રા' કરી કે જે છેવટે પ્રભુચેતનાનો પર્યાય બની ગઈ.

આમ પૂજ્યશ્રી યોગેશ્વરજીની જીવનયાત્રા પ્રકાશના પંથે વિચરણ કરતાં કરતાં ટોચે પહોંચી. અધ્યાત્મના અભીપ્સુઓને વાણી-વર્તન-વ્યવહાર દ્વારા સૂક્ષ્મ બોધ અર્પી, અગણિત પ્રવચનો, લેખો, પુસ્તકો તેમજ સત્સંગો-શિબિરો દ્વારા દેશ-વિદેશમાં 'નૂતન માનવીય ક્રાંતિ'ની મશાલ પ્રગટાવી રહી. તેઓશ્રીની પ્રતિભા અંતર્મુખી છતાં વિશ્વતોમુખી હોવાથી તેઓશ્રીની જીવનયાત્રાનો વ્યાપ બહુમુખી રહ્યો.

અધ્યાત્મ તેઓશ્રીના સમગ્ર જીવન સાથે એકરસ, એકરૂપ, ઓતપ્રોત હોવાથી એમની ઉપસ્થિતિ સદા-સર્વદા 'સત્ત્વરૂપેણ સંસ્થિતા' રહી. આજે 'માનવતાના પાત્રમાં છલકતું દિવ્યતાનું અમૃત' તેઓશ્રી પૂજ્યશ્રી'મા' સ્વરૂપે સમાજમાં સૌને ધરી રહ્યા છે.

આપણાં 'મા' પણ શ્રી યોગેશ્વરજીને સદ્ગુરુરૂપે સ્થાપી, ૧૯૭૦થી આજની ક્ષણ સુધી પોતાના અંતર્ગુરુને આરાધતાં રહી, વૃત્તિ,-પ્રવૃત્તિનું જે અદ્ભુત સંચાલન કરી રહ્યાં છે; તેનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ હમણાં જ આયોજિત ભક્તો માટેની 'દેવપ્રયાગથી ટીહરીના માર્ગે' કોટેશ્વર મહાદેવ'ની પદયાત્રા રહી. કોરોનાછાયા દુર્ગમ કાળમાં પૂજ્યશ્રી યોગેશ્વરજીના શતાબ્દી પર્વને વધાવતી આ સાહસયાત્રાનું આટલી સુંદર રીતે સંપન્ન થવું એ પૂજ્યશ્રી'મા'ની અદ્ભુત પ્રભુશ્રદ્ધા, યાત્રીઓની 'મા' માટેની અનન્ય શ્રદ્ધાએ પ્રગટાવેલા આત્મશ્રદ્ધાના દીપકોનું અતિ ઉજ્જવળ પ્રમાણ બન્યું. સાચે જ એક સમર્થ સંતની ચેતનાશક્તિથી કેટ-કેટલાંનો ચૈતન્યસ્પંદ ઝંકૃત થઈ જાય છે. એની 'જીવંત અનુભૂતિ' આવી યાત્રાઓ કરાવી રહે છે.

પરિણામે 'અધ્યાત્મ'નો આ આખોયે અંક સહજ જ યાત્રિકોની કલમે આકારાયો અને પૂ.શ્રી યોગેશ્વરજીની સાધનાભૂમિના પવિત્ર સ્મરણથી સુગંધિત બની. પૂ.શ્રી'મા'ના ભક્તકલ્યાણની શુભ ભાવનાથી મંડિત બની, 'અનોખા અર્ઘ્યરૂપે' પરમ પ્રભુજીના શ્રીચરણકમળમાં અર્પણ થઈ ધન્ય બને છે.



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### **દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૯૯**

**તા. ૨૩-૨-૮૩, બુધવાર, ફાગણ સુદ અગિયારસ ૨૦૩૯ ડરબન શહેર**

આજે અગિયારસ. પૂ.શ્રી આજે પૂ.માતાજીનું સ્મરણ વિશેષ રીતે કરે છે. પૂ.શ્રી વરસો સુધી અગિયારસ દૂધ પીને જ કરતા, ને માતાજી મસૂરીમાં એક ટંક ભાખરી ને દહીં લેતાં, તે વિષે વાતો થાય છે.

આજે કેરી, કેળાં, દાડમ ને દૂધ ફળાહારમાં લીધાં. સવારે ૮ વાગ્યે નિયમ મુજબ ઠંડું દૂધ લીધું. લેખન નિયમિત થયું.

ફળાહાર બાદ મુલાકાતના સમયે એક બહેન ને એક યુવાન મળવા આવે છે.

બહેન પોતાના ગુરુદેવ ઉપર અનન્ય શ્રદ્ધા ધરાવે છે, પણ તેમના પતિનો એમાં સહકાર નથી. તે સ્થિતિમાં પૂ.શ્રી એ અંગે કંઈક માર્ગદર્શન આપે એ હેતુથી તેઓ મળવા આવ્યાં છે.

પૂ.શ્રીએ કહ્યું: તમે તમારી શ્રદ્ધાભક્તિ પ્રમાણે વળગી રહો. મંત્રજપ કરો ને સાધના કરો. તમારા પતિને જેમાં શ્રદ્ધા છે તેની ભલે તેઓ તેમની રીતે સાધના કરે. બધા કોઈ પણ રીતે પ્રભુ-માર્ગે આગળ વધે તે જ મહત્ત્વ છે. કેનેડામાં એક ગૃહસ્થીમાં પતિ જૈન ધર્મી ને પત્ની શીખધર્મી છે. છતાં ખૂબ પ્રેમભાવ ને શાંતિથી રહે છે. તેમ આપ પણ પ્રેમથી ને શાંતિથી રહો.

યુવાન ભાઈ નોકરી કરે છે. તેણે પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનો સાંભળ્યાં છે. તેમને સાધના અંગે એક-બે પ્રશ્નો હતા. પૂ.શ્રીએ તેમને દરરોજ કઈ રીતે, કેટલો સમય, ક્યાં ગાળવો તે સમજાવ્યું. હમણાં જ પાંચ મિનિટ શ્વાસ સાથે જપને જોડી ધ્યાનમાં બેસો એમ કહ્યું એટલે તે ભાઈ બેઠા. તેમને ઘણી શાંતિ મળી. તેમને પૂ.શ્રીનાં બધાં અંગ્રેજી પ્રવચનોની કેસેટો સાંભળવી છે. પૂ.શ્રી તેમને એ અંગે શ્રી રતિભાઈને મળવાનું કહે છે.

આજે મુલાકાત બાગમાં થાય છે. પૂ.શ્રી દરરોજની જેમ બહાર આંટા મારવાનું ઈચ્છે છે, પણ આજે તો બાગમાં ખુરશી

ઉપર બેઠાં. અમે સૌ પણ ત્યાં નીચે બેઠાં.

મુલાકાત બાદ પૂ.શ્રી અંદર ઓરડામાં આવ્યા. અહીંની કામ કરનાર બહેન નોરાને પૂ.શ્રીએ પ્રસાદમાં કાજુ, ચૉકલેટ ને પીસ્તા આપ્યાં.

પછી તેઓશ્રી શ્રી રતિભાઈની લાઈબ્રેરીમાંનાં 'ગીતાંજલિ' ને 'ભગિની નિવેદિતા' પુસ્તકો ઓરડામાં આવીને જુએ છે.

'ગીતાંજલિ' વાંચતાં પૂ.શ્રીએ કહ્યું : આ પુસ્તક મેં વાંચેલું છે. આજે પણ મને લાગે છે કે આના કરતાં મારો જે કાવ્યસંગ્રહ છે - 'અનંતસૂર' - એ ઘણો જ ઉત્તમ છે. ભાગ્યોદયની વાત છે! 'ગીતાંજલિ' બંગાળીમાં તો ક્યારનું બહાર પડી ગયેલું. પણ તેનું અંગ્રેજી ભાષાંતર થતાં તે નોબલ પ્રાઈઝ લઈ ગયું.

એક મૅગેઝિન જોઈને પૂ.શ્રી કહેવા લાગ્યાઃ

જેનામાં કશું નથી એવી વ્યક્તિ પણ કેટલો પ્રચાર પામે છે! ઘણા સંતો સાધના કરીને ઊંચી ભૂમિકાવાળા બન્યા હોય છે, છતાં તેમને જોઈએ એટલો આવકાર સમાજક્ષેત્રે પણ નથી મળતો. જેવી જગદંબાની ઈચ્છા.

વળી, મા આનંદમયીનું પુસ્તક જોઈને કહેઃ તમે આ પુસ્તક જરૂર વાંચી જજો.

આજે આરામ કરતાં પહેલાં પૂ.શ્રી કહેઃ આપણું તા. ૨૦મીએ બુકિંગ થઈ ગયું છે. જીતુભાઈને ફોનથી જણાવીશું અને અમદાવાદ તથા મુંબઈ પત્ર લખીશું.

પછી પૂ.શ્રી થોડો આરામ કરે છે. સાંજે થોડું વાંચન કરે છે.

સાડા છ વાગ્યે સમૂહધ્યાનનો કાર્યક્રમ થયો.

સાંજે ધ્યાનના કાર્યક્રમ પછી દરરોજની જેમ આજે પણ હિન્દુ સેવા સમાજના હૉલમાં 'રામાયણ' ઉપર ત્રીજું પ્રવચન થયું.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી આરામ કર્યો.

**હરિઃૐ**

**—પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**



## ॥ દર્શન તારું તું કરી લેજે ॥

**[**એક ભક્તે જ્યારે પૂ.શ્રી'મા'નાં શ્રીચરણનું પ્રક્ષાલન કરવા અનુમતિ માગી ત્યારે પૂ.શ્રી'મા'એ આ અદ્ભુત પદ સદ્ય સામે ધર્યું.**]**

દર્શન તારું તું કરી લેજે
મંદિર તારું તું બની જાજે.
તીર્થસ્વરૂપ તું જાતે બનજે
આરતી ઉતારી લેજે
તારા પગને તું ધોઈ લેજે
ચરણામૃત માની લેજે
સાધક ભક્ત સેવક બનીને
તું તારી હાશ લઈ લેજે
પ્રત્યેક અંગને પવિત્ર કરી દેજે
બિમ્બ પ્રભુનું ઝીલજે
ધારેલું સઘળું તું કરી લેજે
ચાર ધામ શક્તિ ભરજે
શાસ્ત્રની વાટે ચાલતો રહેજે
પગલાં પ્રભુ ભણી ભરજે
દશે દિશાથી દેવત્વ પામજે
દૈવી અંકે મોજ કરજે
પરમ સખા અહીં પડખે રહીને
'સર્વેશ્વરી'ને ઢંઢોળે.

**—શ્રી 'મા' સર્વેશ્વરી**
તા.૮/૧/૨૦૨૨
(બપોરે ૩ વાગ્યે)

# ॥ 'યાત્રા'નું માહાત્મ્ય ॥

શ્રી યોગેશ્વરજીની દૃષ્ટિએ વિશાળ પરિપ્રેક્ષ્યમાં થયેલો પ્રવાસ 'યાત્રા' છે. તેઓશ્રી કહે છે :

"'યાત્રા' શબ્દ વિશેષ વ્યંજનાથી ભરેલો છે. પ્રવાસ, પુણ્યપ્રવાસ, સફર, પર્યટન, પરિભ્રમણ જેવા શબ્દોમાં જે 'રહસ્યાર્થ' નથી દેખાતો એ એની અંદર જોવા મળે છે. 'યાત્રા'ને સામાન્ય અથવા અસામાન્ય પ્રવાસને બદલે 'પુણ્યપ્રવાસ' કહી શકાય અને છતાં પણ એ 'કાંઈક વિશેષ' છે. એ 'ધાર્મિક, આધ્યાત્મિક કલ્યાણકાર્ય' હોય છે ને પોતાને માટે કે અન્યને માટે 'આશીર્વાદરૂપ, ઉપયોગી' બને છે. એ પ્રતિપદે, પ્રતિસ્થળે, પ્રતિપળે એક અનોખી 'પવિત્ર પ્રવૃત્તિ' હોય છે. એની આગળ, પાછળ અથવા એની અંદર અપવિત્રતાને માટે અવકાશ નથી હોતો."

★

"મારી પ્રત્યેક યાત્રાનું એકમાત્ર કારણ સર્વેશ્વરી 'મા' જગદંબાની, પરમ કૃપાળુ સૃષ્ટિના પરમ સનાતન સૂત્રધાર પરમાત્માની ઈચ્છા કે યોજના છે. એ જ મારા સમસ્ત જીવનની ગતિવિધિનું ધ્યાન રાખે છે ને જીવનને ચલાવે છે. એ જ સર્વશક્તિમાન પરમ શાશ્વત શક્તિએ મારો હિમાલયના પરમ દિવ્ય પ્રદેશમાં પ્રવેશ કરાવેલો, એણે જ દેવપ્રયાગ, ઋષિકેશ તથા મસૂરીમાં વસવાની અનુકૂળતા કરી આપેલી."

**—પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી**



# ॥ પ્રભુના પાવન પગલે પદયાત્રા ॥

પદયાત્રા દ્વારા ઘણા બધા હેતુ સિદ્ધ થઈ શકે માટે જ પૂ.'મા' પદયાત્રાનો આગ્રહ રાખતાં હોય છે. પહેલું તો આપણી શારીરિક ક્ષમતાને ચકાસવાનો અવસર મળે છે. આપણાં મનોબળની કસોટી કરવા માટેનું મહત્ત્વનું અંગ સાબિત થઈ શકે, ગુરુ માટે આપણી શ્રદ્ધા તથા સમર્પણભાવ દર્શાવી શકીએ અને યાત્રા દરમ્યાન નાની મોટી અનુભૂતિ દ્વારા ગુરુનાં સામર્થ્ય તથા દિવ્યતાને સમજવાનો અવકાશ મળે છે. માટે વરસમાં એક-બે પદયાત્રા તો કરવી જ.

આ વખતની પદયાત્રાના સ્થળો હતાં દેવપ્રયાગથી ટીહરી. પૂ.'શ્રી'ના પાવન પગલે પવિત્ર બનેલી એ ધરાને માહાત્મ્ય ધરવાનો આ અવસર હતો એક તપઃસ્થલી તો બીજી વિહારભૂમિ. જે તે સ્થળોએ રહીને કે વિચરણ કરી પૂ.'શ્રી'એ સ્થાનનું મહત્ત્વ વધાર્યું છે-તે સ્થાનની યાત્રા કરી પૂ.'શ્રી'ના દિવ્ય જીવનને ગૌરવ ધરવાનો આ નાનકડો પ્રયત્ન છે. પર્વતીય ક્ષેત્રમાં આ લગભગ ૪૮ કી.મી.નું અંતર હતું અમારા સૌની શારીરિક શક્તિથી પૂ.'મા' અજાણ તો ન હતાં. દરેક યાત્રીના પગલે પગલે પૂ.'મા'ની દિવ્ય શક્તિ તો કામ કરી જ રહેલી પરંતુ એ સાથે પૂ.'મા'એ યાત્રાને સફળ બનાવવા સરસ યુક્તિપૂર્વક દરેકને જુસ્સો પણ ચઢાવ્યો.

હરિદ્વારથી સૌ ૧૨:૩૦ વાગે ભોજન લઈને નીકળ્યા અને ૪ વાગે દેવપ્રયાગ પહોંચ્યા. સૌ પ્રથમ અમે પ્રભુની એ દિવ્ય સાધનાકુટિર 'શાંતશ્રમ'ના દર્શન માટે ગયાં. એ મહાન તીર્થભૂમિનું સ્થાન આજે આધુનિકતાનો વેશ બદલી બધી જાતની

સગવડોથી સજ્જ બન્યું છે. પરંતુ પૂ.'શ્રી'ના તપોબળે એ ભૂમિની પવિત્ર રજ અને વિશુદ્ધ વાયુમંડળ અંતરને ઠંડકનો અહેસાસ કરાવે છે. પ્રભુનાં દિવ્ય સાધનાત્મક સંસ્મરણો ચિત્ત પટ પર રમવા લાગે છે મનમાં સાત્ત્વિક ભાવો ઉભરવા માંડે છે. સૌ થોડીવાર શાંતચિત્તે બેસી પ્રાર્થના કરી.''વરદ હસ્ત'ની સમૂહ પ્રાર્થના કરી પાંચ પ્રણામ સાથે ઉતારા પર પહોંચ્યા. ભોજન બાદ સમૂહપ્રાર્થના થઈ. ઉતારાની સુંદર વ્યવસ્થા અને ઠંડીના પ્રકોપને લીધે પથારીને પ્યારી ગણી સૌ વહેલા નિદ્રાધીન થયા. પૂ.'મા'નું સૂચન હતું કે, જેનાથી જેટલું ચલાય તેટલું ચાલજો અને ના ચલાય તો બસમાં બેસી જજો. સવારના ૭ના સમયે નીચેથી પ્રભુની એ દિવ્ય કુટિયાનાં દર્શન કરી ચાલવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તો સૌ જાણે સ્ફૂર્તિથી ઉભરાતાં હોય તેમ જોમ સાથે ચાલી રહ્યાં હતાં. ઉત્સાહ અને ઉમંગ સાથે ૨ કલાકમાં ૭ કી.મી. ચલાઈ ગયું. એક ઘરની છત પર સૌ વિશ્રામના સહારે પાછળ રહી ગયેલાની રાહ જોતાં હતાં. ઘરના માલિકે બાથરૂમની વ્યવસ્થા બતાવી અને ચા-દૂધ માટે પણ પૂછ્યું. ધન્ય છે ! આ દેવભૂમિની ધરાને. ઉત્તરાખંડના આ ગઢવાલી પ્રજામાં થોડે ઘણે અંશે વ્યસનનું વળગણ દેખાય પરંતુ તેમની પ્રામાણિકતા તથા અતિથ્યભાવના ને નમન જ કરવા પડે. ઘરની નાની બાળકીને ચૉકલેટ આપી તેમની સેવાને બદલે ઋણ ચૂકવવાનો ઔપચારિક પ્રયત્ન કર્યો કારણ લક્ષ્મી સ્વીકારવાની તેમણે સ્પષ્ટ ના પાડી. લગભગ ૪૫ મિનિટના વિરામ બાદ સૌએ સાથે યાત્રાને આગળ ધપાવી. થોડો વખત તો સારી રીતે સૌ ચાલ્યા પરંતુ ૧૦ કી.મી. પછી અમુક પાત્રોની ચાલ ધીમી પડવા લાગી એટલે પૂ.'મા'ની સૂચના પ્રમાણે બસની પ્રતીક્ષામાં



હતાં. પરંતુ જાણવા મળ્યું કે બસ બગડી છે. અને આવતાં વાર લાગશે. આ આખો માર્ગ અંતરિયાળ વિસ્તારવાળો છે. વાહનો પણ ભાગ્યે જ જોવા મળે, એટલે પાણી પણ મળે કેવી રીતે ? 'પ્રભુની જેવી ઈચ્છા' વિચારી સૌ ચાલી રહ્યાં હતાં. બે-ચાર પાત્રોને પોતાની કાયાનો ભાર વહન કરવાનું અઘરું લાગી રહ્યું હતું. જેથી ઝડપ ઓછી થવા માંડી. મારી વાત કરું તો સૌથી આગળના જૂથ અને સૌથી પાછળ રહી ગયેલા વચ્ચેની મહત્ત્વની કડીરૂપે મધ્યમાં જ રહેતો. એકાંતની સંગતે, પ્રભુ સ્મરણની રંગતે, પગ પોતાની ગતિથી ચાલી રહ્યા હતા. કાનમાં વાગી રહેલું 'સાદ'ના પદોનું સંગીત જાણે કાળજા પરનો બોજ હળવો કરી રહ્યા હતા. એના શબ્દો પ્રભુના યુવાહૃદયનો પરિચય આપતા હતા. દરેક પદમાં કોઈ આદર્શને ઉજાગર કરી રહ્યા હતા.

'હું કોઈ ઘરની જ્યોત બનું'

આ પદને ખૂબ ધ્યાનપૂર્વક સાંભળવું પડે. એમાં લોકકલ્યાણનો આદર્શ પ્રભુ રજૂ કરે છે. પરંતુ તવંગર કે શ્રીમંત બની લોકોની દીનતા દૂર કરવાની વાત નથી. પણ સ્વયં ઈશ્વરરૂપ બની સમસ્ત જનસમુદાયને અભ્યુદયના માર્ગે સૌનો ઉદ્ધાર કરવાની વાત છે. જ્ઞાનરૂપી જ્યોત બની સૌની અંદર રહેલા અંધકારને હરવાની વાત છે. મેહૂલો બની અતૃપ્ત ધરાની તૃષા છુપાવવાની વાત છે.

''બારણાં ઉઘાડી અંદર આવી શકું ના.'' સમર્પણ ભાવની પરાકાષ્ઠાનો અનુભવ આ પદમાં જોવા મળે છે. તો 'ગુરુએ ઈશ્વરનો અવતાર'માં ગુરુના સામર્થ્ય અને મહિમાના મહત્ત્વને પ્રભુ આ પદ દ્વારા સમજાવે છે.

સાચે જ સંગીત અને શબ્દોની શક્તિથી જ જાણે પગ ચાલી રહ્યા હતા. પણ છેવટે તરસની તીવ્રતા વચ્ચે એક વિચાર આવ્યો કે, જે રસ્તે પ્રભુ માટે ગામ વસાવ્યું તે રસ્તે અમને પાણી પણ ના મળે એવું કેવી રીતે બને ? અને સાચે જ ૧૧ કી.મી. પર એક નાનકડું ગામ આવ્યું ને સૌએ ત્યાં સામાન્ય અલ્પાહાર ને પાણી દ્વારા ક્ષુધા ને તૃષાને રાહત આપી. થોડીવારમાં આપણાં સ્વજન દેવપ્રયાગથી ગાડીમાં સૌ માટે ભોજન લઈને આવી ગયા સાથે તેમના પરિચિતને ત્યાં બેસી જમવાની વ્યવસ્થા પણ કરી દીધી, જાણે પદયાત્રીઓના લાભાર્થે જ બસ બગડી હશે. કહો કે, બગાડી હશે. જો બસ સાથે હોત તો કેટલાંક પાત્રો ચાલવાની હિંમત ના કરત. પાણી અને ભોજનની વ્યવસ્થા પણ સમયસર થઈ ગઈ ને પહેલા દિવસનું ગંતવ્યસ્થાન ૪ કી.મી. દૂર હતું ને બસ આવી ગઈ. જ્યાંથી કોટેશ્વર જવાના પગથિયાં શરૂ થાય છે. ત્યાં ૬૦ જેટલા આજુબાજુની શાળાના બાળકોને સત્કર્મના હેતુથી બોલાવામાં આવ્યાં હતાં. ભાઈ સ્નેહલે ૐ 'મા'ના જયગાનથી બધા બાળકોને જાણે ઝંકૃત કરી દીધા. સત્કર્મ માટેની બધી જ સામગ્રીની બેગ જ્યારે એમના હાથમાં આવી ત્યારે એમના ચહેરાની પ્રસન્નતા જાણે એ વાતની પ્રતીતિ કરાવતી હતી કે, ''આપવામાં જે મજા છે તે લેવામાં નથી.'' એમનાં ચહેરાના હાવભાવ આપણને હાશ ધરતા હતા.

પૂ.'મા'ની કૃપા અને દિવ્ય શક્તિથી ખૂબ સરસ રીતે સત્કર્મ તથા પહેલા દિવસની યાત્રા પૂર્ણ થઈ. જે પહેલી વખત આવતાં હતાં તે મહાદેવજીના આ સ્થાનનાં દર્શને ઝડપથી ગયાં. આ



એક છૂપા રત્ન જેવું છે અને સામાન્ય લોકોમાં હજી પ્રચલિત નથી. શ્રી ગંગાજીનો અદ્ભુત વૈભવ પથરાયેલો જોવા મળે. પહાડોની વચ્ચે નાનકડા ટાપુની જેમ ફરતે ગંગાજી...શ્રી ગંગાજીના સુમધુર ખળખળ ધ્વનિ ને એની નિર્મળ પવિત્ર લહેરોના દર્શનથી મનમાં સહજ શાંતિનો અનુભવ થયો. આ સ્થાનની નયનરમ્યતા અને સમયના અભાવે મંદિરમાં શિવલિંગના દર્શનની ઇચ્છા પણ ના થઈ ને મનમાંથી જાણે અવાજ આવ્યો કે આપણા ''પ્રભુ'' પોતે જ તો સ્વયં શિવસ્વરૂપ છે. અને મારે માટે તો ''પ્રભુ''થી મોટા કોઈ ભગવાન નથી. આ હિમાલયના પર્વતો પર જાણે પ્રભુ વિરાટ સ્વરૂપે બિરાજમાન છે. એવી કલ્પનાથી મારી શ્રદ્ધાને બળવત્તર કરવાના પ્રયત્નો ચાલી રહેલા.

અંધારું થાય તે પહેલાં અમારે મુખ્ય માર્ગ પર પહોંચવાનું હોઈ ખૂબ ઝડપથી ઉપર ચઢવા માંડ્યું. સમયસર સુરક્ષિત રીતે ઉતારા પર પહોંચી ગયા. ૨૫ કી.મી.ની પદયાત્રા અને કોટેશ્વરની ચઢાઈને લીધે થાક એની ચરમસીમા પર વરતાતો હતો પરંતુ ગરમ પાણીના સ્નાનથી ખૂબ હળવાશ અનુભવાઈ. સારી નિદ્રા માટે પરિશ્રમનું મહત્ત્વ સમજાયું. સવારે ફરી પાછા તાજગી સાથે સજ્જ થઈ ગયાં. બસમાં કોટેશ્વરના ઉપરના રસ્તા સુધી જવાનું હતું. લગભગ ૯ વાગે ઉપરથી એ સ્થાનના દર્શન કરી યાત્રા શરૂ કરી. આજે પૂ.'મા'ની સૂચના પ્રમાણે ૨-૩ પાત્રોએ નક્કી જ કર્યું હતું. કે હવે તો બસમાં જ જઈશું. પરંતુ જગદંબાસ્વરૂપ પૂ.'મા'ના સંકલ્પ સામે શું અશક્ય હોય ? આજે

પૂ.'મા'એ દિવ્ય શક્તિની સાથે યુક્તિનો પ્રયોગ પણ કર્યો, ત્રણ કી.મી. જેટલું આગળ વધ્યા કે તરત ફોન દ્વારા એક પદ મોકલ્યું :

'હિંમત સે કામ લેંગે ગભરાના કૈસા ?
યે વક્ત ના ઠહેરા હૈ, યે વક્ત ના ઠહરેગા,
ગભરાના કૈસા ?'

હવે જે બસમાં બેસવાનો વિચાર કરતા હતા એ વિમાસણમાં પડ્યા કે પૂ.'મા' એ આ પદ મોકલ્યું તો તો થોડું ચાલવું પડે એટલે જેમ તેમ ૫-૭ કી.મી. ચાલ્યા અને આંખ સામે બસ દેખાવા લાગી એટલે પૂ.'મા' એ બીજો સંદેશો મોકલ્યો કે 'અધૂરાં કામ કરનારને જગત ક્યારેય યાદ નથી રાખતું' આ એવું બ્રહ્માસ્ત્ર હતું કે મનમાંથી બસ જાણે ગાયબ જ થઈ ગઈ અને મનની નબળાઈ સામેની લડતમાં પૂ.'મા'નું આ બ્રહ્માસ્ત્ર ખૂબ જ કારગત સાબિત થયું. છતાં પૂ.'મા' આપણાં મનની અવળચંડાઈથી અપરિચિત થોડાં હતાં ? એટલે થોડીવાર પછી એમણે પાંચ પાત્રોનાં નામ આપી જણાવ્યું કે, 'મા'ને ફક્ત આ પાંચ જણ માટે જ શંકા છે. બાકી તો બધાં સારી રીતે યાત્રા પૂર્ણ કરશે. એટલે જેનાં નામ હતાં. એ એવું વિચારે કે ગમે તે થાય, ભલે પ્રાણ જતો રહે પણ યાત્રા પૂર્ણ કરીશું જ. તો જેના નામ નથી એમાંથી કોઈને બસમાં બેસવાનો વિચાર આવે તો એ એમ વિચારે કે, જેનાં માટે પૂ.'મા' એ શંકા વ્યક્ત કરી તે ચાલે છે તો આપણાથી કેવી રીતે બેસી જવાય ? એટલે મને-કમને સૌ પ્રભુસ્મરણે આગળ વધી રહ્યાં હતાં અને છેલ્લે પૂ.'મા'એ જણાવ્યું કે, 'પૂ.'મા' તો ઘણીવાર નાનપણમાં વ્યારાથી



કાલિમંદિરની પદયાત્રા કરતાં એટલે હવે તો આપણે શારદામાસીના ઘર એટલે ગામના પાદર સુધી તો પહોંચી ગયા છીએ બસ થોડું જ બાકી છે હિંમત કરીને પહોંચી જઈએ.' પૂ.'મા'ની દિવ્ય શક્તિ અને આવી વ્યાવહારિક સૂઝ તથા યુક્તિએ સૌનાં મનોબળને સજ્જ રાખી સફળતાપૂર્વક સૌની યાત્રા પૂર્ણ કરાવવામાં મહત્ત્વનો ફાળો પ્રદાન કર્યો.

જેમ શ્રીકૃષ્ણ ભગવાને વગર હથિયાર પકડે પાંડવોનો વિજય શંખનાદ વગાડ્યો તેવી જ રીતે પૂ.'મા'એ પણ યુક્તિથી અવનવા પ્રેરણાસ્તોત્ર દ્વારા અમારા મનોબળની રક્ષા કરી પદો દ્વારા અમારા જુસ્સાને બુલંદ કર્યો.

પૂ.શ્રીએ જ્યારે જ્યારે પદયાત્રા કરી હતી તે જૂના ટીહરીની ટીહરીડૅમમાં જળસમાધિ થઈ ગઈ હોવાથી ત્યાં ટીહરી ઝીરો પોઈન્ટ સુધી સૌએ પોતાની યાત્રા પૂર્ણ કરી અને ૧૦૦ મીટરથી ઝીરો પોઈન્ટ સુધી સૌએ સમૂહમાં 'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ'નું પદ ગાતાં ગાતાં પહોંચીને એ ધરાને પ્રણામ કર્યાં પૂ.'મા'નો પ્રસાદ પણ પામ્યાં.

આવી યાત્રા દ્વારા પૂ.'મા' એ જ સમજાવવા માગે છે કે મનુષ્યજીવન પણ અનેક શક્તિ અને શક્યતાથી સંપન્ન છે. નિરાશ કે નાસીપાસ થવાનું એમાં કોઈ કારણ નથી. અને અશક્ય જેવાં કામ પણ પૂ.'મા'ની કૃપા અને દ્રઢ મનોબળથી સહેલાં બની શકે છે.

**–શ્રી રાજીવભાઈ જાની**

## ॥ શ્રી કોટેશ્વર મહાદેવ પદયાત્રા ॥

દેવપ્રયાગથી ૨૫ કી.મી. આગળ શ્રી કોટેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. ઊંચા ઊંચા સુંદર હિમાલયના પહાડોમાંથી રસ્તો પસાર થાય છે.

૨૫ કિ.મી.ની પદયાત્રાનું આયોજન થયું છે. સવારે ૭ વાગ્યે યાત્રા શરૂ થાય છે. લગભગ ૯૦ જેટલાં ભાઈઓ-બહેનો નવ મંત્રગાન અને વરદ હસ્તની પ્રાર્થના સાથે પદયાત્રા શરૂ કરે છે.

પરમ કૃપાળુ પૂજ્ય 'મા' એ બધાં માટે પ્રસાદ ભરેલી નાની બૅગ મોકલી છે. બધાએ ઘનવટી લેવાની ફરજિયાત છે અને સાથે સૂંઠની ગોળીનો પ્રસાદ પણ લેવાનો છે. યાત્રા દરમ્યાન પૂજ્ય 'મા'એ મોકલાવેલ પ્રસાદ લેવાની જ સૂચના મળે છે. દરેક ભક્તનું જગત જનની પૂજ્ય 'મા' કેટલું ધ્યાન રાખે છે !

યાત્રા શરૂ થાય છે. પહાડમાં વાદળો છવાયેલ છે. ઉપર ઊંચા સુંદર પહાડો અને નીચે ખીણમાં 'મા' ભાગીરથી ! ખૂબ જ સરસ દ્રશ્યો જોવા મળે છે. ક્યારે ૨૫ કી.મી. ચલાઈ ગયું તેની ખબર જ ના પડી.

દરેક કી.મી. પર જુદા જુદા દ્રશ્યો જોવા મળે, સાથે દરેક પગલે મંત્રજાપ થતા જાય.

ત્યાં પહોંચ્યા પછી રોડ પૂરો થાય છે અને લગભગ ૪૦૦ મીટર નીચે ઉતારવાનું છે ત્યાં પગથિયાં છે.

૧૫-૨૦ મિનિટ નીચે ઉતર્યા બાદ જે દ્રશ્ય જોવા મળે તે જીવનમાં ક્યારે પણ ના ભૂલી શકાય. શ્રી કોટેશ્વર મહાદેવના મંદિરની ફરતે શ્રી ભાગીરથી નદી પ્રદક્ષિણા કરે છે. ત્યાં નદીનો પ્રવાહ ખૂબ જ વેગથી વહે છે.

ત્યાં મંદિરની વિશાળ જગ્યા છે. સ્નાન માટે ઘાટ પણ બનાવેલ છે. મંદિરમાં દર્શન કરતાં પહેલાં સ્નાન ફરજિયાત છે. સ્નાન કરીને અભિષેક માટે ત્યાં ઘણાં ત્રામ્બાનાં પાત્ર રાખેલા છે. શ્રી કોટેશ્વર મહાદેવ મોટા પથ્થર સ્વરૂપમાં બિરાજે છે લગભગ ૧૦ ફૂટ લંબાઈ અને ૧૦ ફૂટ પહોળાઈ.

ત્યાં અભિષેક કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. જાણે કે પ્રભુ પોતે સ્વયં આવીને આપણો અભિષેક સ્વીકારતા હોય તેવો અનુભવ થાય છે. ખૂબ પવિત્ર અને સ્વચ્છ જગ્યા ! ત્રણે બાજુ ઊંચા પહાડો, મંદિરની ફરતે ભાગરથી નદીની પ્રદક્ષિણા. ખૂબ જ પ્રાકૃતિક જગ્યા. પ્રકૃતિએ પેટ ભરીને અહીં સૌંદર્ય અને શાંતિ આપી હોય તેમ લાગે. ૨-૩ દિવસ ત્યાંજ રોકાઈને સાધના કરવાનું મન લગભગ દરેક સાધકને થઈ જાય.

Thank you Pujya Maa. પ્રણામ, પ્રણામ, પ્રણામ.

★

## ॥ કર્ણપ્રયાગથી દેવપ્રયાગની પદયાત્રા ॥

(૨૬-૧૨-૨૦૨૧ થી ૨૯-૧૨-૨૦૨૧ ૯૮ કી.મી.)

૨૦૨૦માં જોશીમઠથી દેવપ્રયાગ યાત્રા શરૂ કરેલ પરંતુ lockdown લાગુ પડેલ. એટલે યાત્રા અધૂરી જ રહી ગઈ. ત્યારે જ પૂજ્ય શ્રી'મા'એ કહ્યું હતું કે આ અધૂરી યાત્રા તમારે પૂર્ણ કરવાની છે.

પૂજ્ય શ્રી'મા' જે એક વાર સ્લેટ પર લખે તે વિધિના લેખ જ કહેવાય. તે વસ્તુ થઈને જ રહે. એટલે અમારી અધૂરી યાત્રાનું પણ આયોજન થઈ ગયું. તે પણ શ્રી કોટેશ્વર મહાદેવની પદયાત્રા સાથે સાથે. અમે ૨૩ ભક્તો આ યાત્રામાં જોડાયા. ૨૫ તારીખે શ્રી કોટેશ્વર મહાદેવની પદયાત્રા પૂર્ણ કરી.

કર્ણપ્રયાગની પદયાત્રા વિશે હરિદ્વારમાં કોઈ વિશેષ માહિતી મળેલ ના હતી તેથી મેં પૂરતાં વસ્ત્રો સાથે લીધાં ન હતાં. પરંતુ

પૂજ્ય 'મા'ની આજ્ઞા થતાં સીધા ત્યાંથી જ બસ દ્વારા કર્ણપ્રયાગ જવા પ્રસ્થાન કર્યું.

પોતાની જાત સાથે સમય પસાર કરવાનો સારામાં સારો સમય. હિમાલયના પહાડો, પૂજ્ય 'મા' પ્રભુ, શ્રી ભાગીરથી નદી અને આપણે. બસ મોજથી મંત્રજાપ કરતા કરતા આગળ વધ્યે જ જવાનું. જરા પણ થાક નહિ, જાણે આપણો બધો થાક પૂજ્ય શ્રી 'મા' હરી લેતાં લાગે.

પદયાત્રાનો એક લાભ તે પણ છે કે તેમાં દરેક સાધક એકબીજાને નજીકથી ઓળખે, પોતાનાં પૂજ્ય 'મા' પ્રભુ સાથેના અનુભવોની આપ લે થાય અને બધા જ એકબીજાને સહાયરૂપ થયાં. આપણી શ્રદ્ધા વધુ દૃઢ બને. તેમજ પૂજ્ય 'મા'ના શ્રી ચરણોમાં ભક્તિ વધે.

આ પદયાત્રામાં નવો પ્રયોગ કરવાની પ્રેરણા શ્રી મહુભાઈ ભક્ત પાસેથી મળી. તે યાત્રા દરમિયાન નિર્જળા રાખતા. તેમના બને ગોઠણના સાંધા બદલાવેલ છે. કેટલી મોટી પ્રેરણા. બીજે દિવસે મેં પણ ફૂટ પર યાત્રા કરવી જ્યાં સુધી થાય ત્યાં સુધી તેવું નક્કી કર્યું, બસ પછી શું ? પૂજ્ય 'મા'ને પ્રાર્થના કરી અને ક્યારે ત્રણ દિવસની યાત્રા પૂર્ણ થઈ તેની ખબર જ ના પડી.

યાત્રા દરમિયાન પૂજ્ય શ્રી'મા'એ મોકલાવેલ પદપ્રસાદી.

**રાગ-મને ગોવિંદરૂપે**

પ્રભુ સાંભળજે મારી વાત હવે
પદયાત્રામાં તું પડખે રહે,
પગલે પગલે શક્તિ ભરજે,
પગદંડી પુષ્પસમી કરજે,
બાળગણીને ઊંચકી લેજે,
મંત્રથી મુજને મઢી લેજે...

--------o---------o---------



'તને લક્ષ કોટી વંદન'
મા ધરતી બનો ચંદન,
તારું નામ છે દુઃખભંજન
મારા મનનું કર મંજન...

ઉપવાસથી શરીર ખૂબ હળવું થઈ ગયું અને પૂજ્ય 'મા'એ ચાલવાની શક્તિ ધરી. ૫ દિવસની પદયાત્રા જાણે એક સુંદર સ્વપ્ન આવીને જતું રહે તેમ પૂર્ણ થઈ. આ બધું જ શક્ય બન્યું ફક્ત અને ફક્ત પૂજ્ય શ્રી'મા'ની કૃપા અને સંકલ્પથી જ.

ખૂબ જ થોડા કપડાં સાથે હતાં, અને રહેવાની વ્યવસ્થા પણ કાંઈ નક્કી ના હતી, જ્યાં મળે જેવું મળે ત્યાં રહેવાનું. પરંતુ કૃપાળુ 'મા' તેમનાં બાળકોનું ખૂબ ધ્યાન રાખે અને સમય પર સારી જગ્યા રહેવા માટે મળી જ જતી.

યાત્રા એટલે યાતના અને ત્રાસ. સાધકે આ બન્ને વસ્તુની તૈયારી સાથે જ યાત્રામાં નીકળવું તેમ પૂજ્ય શ્રી'મા' વારે વારે યાદ કરાવે છે. જેથી આપણી શ્રદ્ધા મજબૂત બને અને સમર્પણભાવ વધુ મજબૂત થાય. દરેક યાત્રામાં પૂજ્યશ્રી'મા' જ સહાયક બની સાથે રહ્યા છે તેવો અનુભવ દરેક પગલે થાય.

આટલી મોટી યાત્રામાં બધા સલામત, સ્વસ્થ, રીતે હરિદ્વાર પહોંચી ગયા તે કોઈ મોટા ચમત્કારથી ઓછું ના કહેવાય.

યાત્રા પછી હરિદ્વારમાં પૂજ્ય શ્રી'મા'એ બધાંનું ખૂબ પ્રેમથી સ્વાગત કર્યું,

પૂજ્ય 'મા' લખે છે કે,

''હિમાલયે તમને ખભે બેસાડ્યા અને 'મા' ગંગાએ ગોદમાં લીધા.'' મારી સમજ મુજબ હિમાલય એટલે પૂજ્ય ગુરુદેવ અને 'મા' ગંગા એટલે સ્વયં પોતે પૂજ્ય 'મા'. આમ બંનેના દિવ્ય આશીર્વાદ અને શુદ્ધ, સંકલ્પબળનો દર્શન-સ્પર્શનનો લહાવો

મેળવવા સદ્ભાગ્ય ધર્યું. જે લોકો ધોતી પહેરે તેમને પીતામ્બરી, ઉપવસ્ત્ર અને જનોઈનો પ્રસાદ મળ્યો.

પૂજ્ય શ્રી'મા'એ બધાંને પ્રેમ થી છલકાવ્યાં. યાત્રાનો લગભગ બધો ખર્ચ આપ્યો. અત્યારના સમયમાં આવા સંત ક્યાં મળે. આપણા કેટલાય પૂર્વજન્મના સંસ્કારો હશે ત્યારે આપણે અહીં પહોંચી શક્યા છીએ. હવે પૂજ્ય શ્રી'મા' આપણી ચોટલી કાયમને માટે પકડી રાખે તેવી પ્રાર્થના.

★

## ।। અમૃતસર યાત્રા ।।

### (દિવ્ય માતાની દિવ્યતાનાં લીલાદર્શન)

પૂજ્ય શ્રી'મા'ના સૂચન મુજબ પદયાત્રા પછી અમૃતસર યાત્રાનો પણ અમૂલ્ય લાભ મળે છે.

અમે ૪ ભાઈઓ-ઈશ્વરકાકા, આશિષભાઈ, હેમિશભાઈ અને હિરેન, તથા ૫ બહેનો-જ્યોતિબેન, દર્શનાબેન, માયાબેન, મનીષાબેન અને આધ્યાબેન. અમે ૯ ભક્તો ૩૦/૧૨ને રાતની ટ્રેન દ્વારા ૩૧/૧૨ની સવારે ૮.૦૦ વાગે અમૃતસર પહોંચ્યાં. હૉટલમાં ૨ રૂમ રાખી બધાં તૈયાર થઈ અને ૧૦ વાગ્યે સુવર્ણ મંદિર પહોંચી ગયાં. પૂજ્ય 'મા'ની કૃપાથી અહીં પ્રથમ વખત જ આવ્યા.

શ્રી ગ્રંથસાહેબનાં સરસ દર્શન થયાં. ખૂબ આશ્ચર્ય પણ થયું. દર્શનની લાઈનમાં લગભગ ૮ થી ૧૦ હજાર ભક્તોની હાજરી પરંતુ ખૂબ જ શાંતિ. કોઈપણ અવાજ ના કરે બધાએ મૌન રાખેલું, લાઈનમાં ઊભેલા કોઈ મોબાઈલનો પણ ઉપયોગ ના કરે. કેટલી બધી સ્વયંશિસ્ત. મને સહજ વિચાર આવ્યો કે આપણા 'સ્વર્ગારોહણ'માં પણ તેવી શિસ્ત જાળવી શકાય. જે મારો અંગત વિચાર છે.

પૂજ્ય 'મા'ની કૃપાથી સ્વયંશિસ્ત અને ગુરુ પ્રત્યેના સમર્પણ



ભાવનું દર્શન થયું. ત્યાંથી જલિયાંવાલા બાગ જે મંદિરની બહાર નીકળતાં જ આવે છે. ત્યાં પણ દેશ માટે શહીદ થનાર દેશભક્તોની ગાથા જોવા મળી.

ત્યાંથી અટારી બોર્ડર પર પણ જવાનું થયું. આપણા દેશની રક્ષા કરતા BSFના જવાનોની હિંમત અને શોર્યતાનાં દર્શન થયાં.

રાત્રે રીટર્ન ટ્રેન હતી પરંતુ સ્ટેશન પર પહોંચતાં મોડું થયું. ગોલ્ડન ટૅમ્પલની રાત્રીનો નજારો કંઈક અલગ જ હોય છે. તેનો લાભ લેવા અમે ફરી ગોલ્ડન ટૅમ્પલ ગયા. ત્યાંથી જલ્દી સ્ટેશન પહોંચ્યાં. પરંતુ રિક્ષામાં હતાં ત્યારે પૂજ્ય શ્રી 'મા'ના બે વાર ફોન આવ્યા. જલ્દી પહોંચો. તમારે ટ્રેન પકડવા દોડવું પડશે.

બધા રિક્ષામાંથી ઉતરી દોડવા જ મંડ્યાં પરંતુ ટ્રેન ચાલુ થઈ ગઈ તે અમારી નજર સામે જ ઝડપ પકડવા મંડી. ટ્રેનમાં ચડવું હવે અશક્ય જ હતું. પરંતુ આપણે પૂજ્ય 'મા'ના શરણાર્થી બાળ, જાણે પૂજ્ય 'મા'એ બાળકોનું હર પળે, હર ક્ષણે રક્ષાકવચ ધર્યું હોય, ફરી ટ્રેન કોઈપણ કારણ વિના ઊભી રહી અને બધા જ ટ્રેનમાં દોડતાં બેસી ગયાં અને તરત જ ટ્રેન ફરી ચાલવા મંડી.

પૂજ્ય 'મા'ની દિવ્ય લીલા અને દિવ્ય શક્તિ તથા દૂરદર્શનનો પરિચય, જેણે જેણે આ દર્શનનો લહાવો લીધો તે ગદ્ગદ્ કંઠે પૂજ્ય 'મા'ને પ્રણામ કરી રહ્યાં. પૂજ્ય 'મા' હંમેશાં આપણી સાથે છે, તે અનુભવવાનો લહાવો નિહાળવાની પાત્રતા આપવા બદલ પૂજ્ય 'મા'ને કોટી કોટી ધન્યવાદ.

એક સિદ્ધ સંત પોતાના ભક્તો માટે શું શું કરી શકે ? તે આ દર્શન અને પ્રસંગથી આપણે સહેજમાં સરળતાથી આપણી દૃષ્ટિ ખુલ્લી રાખીએ તો અનુભવી શકીએ અને સમજી શકીએ. હે 'મા' સાચી સમજણ આપજો. સાચી દૃષ્ટિ આપજો.

**—શ્રી હિરેનભાઈ દવે**

# ॥ પ્રાર્થનાનો પ્રત્યુતર, ધન્યતાનો અનુભવ ॥

રાજીવભાઈ કોઈને કહી રહ્યા હતા કે : પૂજ્ય 'મા' પોતાની શક્તિનો પરિચય કરાવી રહ્યાં છે. યાત્રા કૅન્સલ થાય છે અને ફરીથી ગોઠવાય છે. કોઈ છેલ્લી ઘડીએ બસમાંથી ઊતરીને પણ યાત્રામાં જોડાઈ જાય છે. 'મારી સાથે પણ આવું જ બન્યું. કોટેશ્વરની પદયાત્રા પછી કર્ણપ્રયાગ જઈને અમારી અધૂરી પદયાત્રા પૂરી કરવાની છે તેની જાણ નહોતી. સંજોગો એવા થયા હતા કે હું કોટેશ્વર જવાના બદલે સીધો હરિદ્વાર પરત ફરવાનો હતો અને સાથે બીજી જોડી કપડાં કે અન્ય કોઈ સામાન નહોતો. ગંગાસ્નાન માટે ટુવાલ અને પેન્ટ હતાં તે જ હતાં. કોટેશ્વરની બસયાત્રા પછી હરિદ્વાર પરત ફરતી બસમાં બેસી પણ ગયો હતો તે જ સમયે કોઈ બહેન વાત કરતાં હતાં કે એને તો અધૂરી પદયાત્રા પૂરી કરવાની છે. 'મા'એ કહ્યું છે. આ સાંભળીને હું ચોંક્યો. કારણ કે મારે પણ અધૂરી પદયાત્રા પૂરી કરવાની હતી અને પૂ.'મા'એ જ એ માટેની સૂચના જ્યારે અમારી યાત્રા અધૂરી રહેલી તે સમયે જ આપી હતી. હરિદ્વાર પરત જતી બસ ઉપડવાની હતી અને પદયાત્રામાં જવું હોય તો મારી પાસે કોઈ જ સામાન નહોતો. વિચાર કર્યો કે હવે આ છેલ્લો મોકો છે. જો આ બસ ઊપડી ગઈ તો હું પદયાત્રામાં જઈ શકીશ નહિ અને પૂજ્ય 'મા'ની આજ્ઞાનું પાલન કરી શકીશ નહિ. આથી જે થાય તે જોયું જશે એમ વિચારીને બસમાંથી થેલા સાથે ઊતરી જવાનું બન્યું. સાથી મિત્રોએ કોઈ ચીજની કમી આવવા દીધી નથી.

યાત્રાની શરૂઆત પહેલા એક ઘટના એવી બની કે મહારાષ્ટ્રના એક સાધકે મને પૂછ્યું કે આપ કેટલા કલાક ધ્યાન કરો છો ? તેમણે કહ્યું કે જે સાધક જેટલા કલાક ધ્યાન કરતા હોય તેના આધારે તે કેટલા આગળ વધેલા છે તે નક્કી થઈ શકે. પણ મારે તો ધ્યાન થતું



જ નથી એટલે હું તો હજુ સાધક પણ નથી અને મુક્ત થવાની વાત તો હજુ બહુ જ દૂર હતી. બીજી તરફ ગુરુના સાન્નિધ્યમાં સાધના કરી શકાય તેવું સૌભાગ્ય સાંપડ્યું નહોતું અને તેમની સાથે વાત કરવાનું કે સંપર્ક કરવાનું પણ કોઈ જ સાધન નહોતું. આથી બીજા દિવસે વહેલી સવારે બે કલાક સુધી પૂજ્ય 'મા'ને રડતાં રડતાં પ્રાર્થના કરવાનું બન્યું હતું. હરિદ્વાર જતા હતા ત્યારે ટ્રેનમાં શ્રી જયરામકાકા (ભાવનગરવાળા) અમારી સાથે હતા અને તેમણે મને ધ્યાન માટે કેટલાક પ્રાણાયામ સહિતની ક્રિયાઓ શીખવાડી ત્યારે તેમને કહેવાનું બનેલું કે આ માટે મેં પૂ.'મા'ને રડતાં રડતાં પ્રાર્થના કરી હતી તેનો આ પ્રત્યુત્તર હોય તેમ લાગે છે. ૧૬ તારીખે પૂ.'મા'એ જાહેરાત કરી હતી કે હવેથી પ્રભુ આપના સૌના સંદેશા પ્રાર્થના દ્વારા સ્વીકારશે. તેમાં પણ પ્રાર્થનાનો પ્રત્યુત્તર હોય તેમ લાગ્યું.

પ્રથમ દિવસે અમે દેવપ્રયાગથી કોટેશ્વરની યાત્રા કરી હતી. તેમાં જયરામકાકાએ મને માહિતી આપી કે અગાઉ તેમનું વજન વધારે હતું અને તે પછી કેવી રીતે વજન ઘટાડ્યું તથા કઈ રીતે યોગમાં આગળ વધ્યા હતા તે જાણીને મને ઘણી પ્રેરણા મળી અને થયું કે આપણે પણ કરી શકીએ છીએ. એવું લાગ્યું કે જાણે પૂ.'મા'એ જ આ બધી મુલાકાતોની ગોઠવણ કરી હતી. જયરામકાકાએ મને પૂ.પ્રભુની દાન આપવા અંગેની એક વાત કહી અને તેના થોડા સમય પછી તુરંત જ રસ્તામાં એક માતાજીને બેઠેલાં જોયાં જેમણે સહાયની રકમ માગતાં તેમને આપવાની બની હતી અને આમ તરત જ એ પ્રકારનો પ્રસંગ પણ ઉપસ્થિત થયો. દીપકભાઈ સાથે પણ એ દિવસે વિગતથી ચર્ચા થઈ.

બીજા દિવસે કર્ણપ્રયાગથી અમારી અધૂરી યાત્રાની શરૂઆત થઈ. સાંજે ત્રણેક કી.મી. બાકી હતા અને એમ લાગતું હતું કે હવે તો એક ડગલું પણ ચાલી શકાય તેમ નથી. એ જ સમયે શ્રી અજયભાઈ અને શ્રી મહુકાકા મળ્યા અને તેમની હાલત પણ એવી

જ હતી. અમે પ્રભુ અંગેની વાતો કરતા હતા અને એમાં એવા તો ખોવાઈ ગયા કે ક્યારે ૩ કી.મી. ચાલી ગયા અને અમારું ગંતવ્ય સ્થળ આવી ગયું તેની ખબર જ ન પડી. જાણે પ્રભુએ અમને ઊંચકી લીધા હતા. એક દિવસે પગમાં એટલો દુઃખાવો થતો હતો કે બસમાં બેસી જવાનું મન થઈ ગયું હતું પણ જ્યાં અટકવાનું થયું ત્યાં શ્રી રાજીવભાઈના શબ્દોએ બળ પૂરું પાડ્યું અને ક્યારેય પણ બસમાં બેસી જવાનું થયું નથી. જેમ દિવસો ગયા તેમ પગ દુઃખતા બંધ થઈ ગયા હતા. પહાડોની ગોદમાં, 'મા' ગંગાના સતત સાન્નિધ્ય વચ્ચે, સતત પ્રભુ અને પૂ.'મા'ને યાદ કરતાં કરતાં યાત્રા સુખરૂપ પૂર્ણ થઈ. શ્રી રાજુભાઈ યાત્રીએ 'રામસભામાં અમે રમવાને ગયા'તા' એ ભજન લલકાર્યું ત્યારે એમ લાગ્યું હતું કે આપણે પણ આ દુનિયામાં 'મા' સભામાં રમવા માટે જ આવ્યા છીએ.

પદયાત્રામાં એક વખત શ્રીઅજયભાઈએ પૂછેલું કે તમારા જીવનનું ધ્યેય શું ? અને આ જ વિષય પર શ્રી જયરામકાકા સાથે ચર્ચા થઈ ત્યારે કહેવાનું બનેલું કે જીવદશામાંથી મુક્ત થવું અને પ્રભુના યુગકાર્યમાં સહભાગી થઈને જ્યારે જ્યારે પ્રભુ પધારે ત્યારે તેમની સેવામાં રહેવું અને પ્રભુનું જ કામ તે સિવાય સંસારની બીજી કોઈ જ આળપંપાળ વળગેલી ન હોય. હું પ્રભુને મિત્ર તરીકે મેળવવા માગું છું તેમ કહેવાનું પણ બન્યું હતું.

પદયાત્રા બાદ પૂ.'મા'એ અનેક આશીર્વાદ અને પ્રસાદીનો વરસાદ વરસાવીને અમને સૌને વધાવ્યા. જીવનનું ઘણુંબધું ભાથું આ યાત્રામાંથી મેળવીને જીવનની આગળની યાત્રા માટે સજ્જ થઈ શકાશે. જીવનમાં ક્યારેક પ્રભુ મળી જાય અને પૂછે કે આ 'મા'ને અમે તમારા માટે પ્રગટાવ્યાં તો તમે એમનો શું લાભ લીધો ? આત્માનું કલ્યાણ કર્યું ? ત્યારે અમારે નીચું જોવું ન પડે અને આ જીવની પ્રગતિથી પ્રભુને પણ આનંદ થાય તેવી પૂ.'મા'ને પ્રાર્થના.

**—શ્રી યોગેશ્વર કવીશ્વર**



# ॥ એક અધૂરી યાત્રા પૂર્ણતા પામી ॥

એક અધૂરી યાત્રા. પૂજ્ય શ્રી 'મા'ના અપાર કૃપા-આશિષથી પૂર્ણ થઈ શકી. આપણે સૌ જાણીએ છીએ કે ૨૦૨૦ના માર્ચ મહિનામાં જોષીમઠથી દેવપ્રયાગ સુધીની પ્રારંભ પામેલી પદયાત્રા કોરોનાનાં નિયંત્રણોને લીધે મોકૂફ રહી હતી. તે યાત્રા માટે સતત મનમાં એક વાત ઘૂંટાયા કરતી કે યાત્રા અધૂરી છે અને અધૂરાં કામ કરવાવાળાની જગત નોંધ લેતું નથી. પણ એની પાછળ પણ પૂજ્યશ્રી'મા'ની જ લીલા હશે જ, તો જ તે અધૂરી રહી. હાલ પૂજ્ય શ્રી પ્રભુના શતાબ્દી વર્ષમાં વિવિધ યાત્રાઓ ચાલે છે. અને પૂજ્ય શ્રી'મા'ને સાહસ ગમે છે. સાહસી બાળકો ગમે છે. પૂજ્ય શ્રી'મા' સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન ધરતાં રહે છે. અરે આ શતાબ્દી વર્ષમાં જો કોઈ પણ બાળક સાહસયાત્રા કરવા માગતા હોય તો પૂજ્ય શ્રી'મા'એ આશીર્વાદ પણ ધરી દીધા હતા. ખાલી તમારી યોજના પૂજ્ય શ્રી'મા'ના શ્રી અંકે ધરવાની હતી. બાકી બધી સાનુકૂળતા પૂજ્ય શ્રી'મા' ધરવાનાં જ હતાં. આપણે ખાલી ધનુષ ઉઠાવવાનું છે. નિશાન તો પૂજ્ય શ્રી'મા' પાર પાડવાના જ છે.

યાત્રા માટે પૂજ્ય શ્રી'મા' પાસે આજ્ઞા લેવાઈ ગઈ અને અધૂરી યાત્રા પૂર્ણ કરવા માટે બધું આયોજન શ્રી રાજીવભાઈએ કર્યું. એમણે એક બસની વ્યવસ્થા કરી હતી. બાકી બધું ભગવાન ભરોસે હતું. કુલ ૨૩ પદયાત્રીઓ આ પદયાત્રામાં ભાગ લેવાના હતા. તેમાં બે વિદેશથી આવેલ ભક્તો જેમાં એક શ્રી મહેન્દ્રભાઈ અને બીજા શ્રી રાજુભાઈ યાત્રી. તા.૨૫/૧૨/૨૦૨૧ના રોજ શ્રી કોટેશ્વર મહાદેવની યાત્રા પૂર્ણ કર્યા પછી,

અમારી યાત્રા આરંભ પામે છે. દેવપ્રયાગથી અમારી બસ યાત્રા પ્રારંભ પામે છે. અને રાત્રે રૂદ્રપ્રયાગથી ૭ કીલોમીટર દૂર અલકનંદા હૉટલમાં પ્રભુકૃપાથી નિવાસની વ્યવસ્થા થાય છે. બધી રીતે અનુકૂળ સ્થાન હતું.

તા.૨૬/૧૨/૨૦૨૧નાં રોજ કર્ણપ્રયાગ જવા વહેલી સવારે નિત્યકર્મથી પરવારી લગભગ સવારે ૭.૦૦ની આસાપાસ સૌ યાત્રીઓ બસમાં બિરાજમાન થાય છે. આજે યાત્રાનો પ્રથમ દિવસ છે. કર્ણપ્રયાગથી ૩ કી.મી. આગળથી અમારી યાત્રા પ્રારંભ પામે છે. ઠંડી પ્રમાણમાં સારી છે. સવારે ખૂબ ધુમ્મસવાળું વાતાવરણ હોય છે. નવ મંત્રગાન સાથે યાત્રા પ્રારંભ પામી છે. બધા યાત્રીઓમાં ખૂબ ઉત્સાહ છે. જોશ છે. ઉમંગ છે. પૂજ્ય શ્રી પ્રભુજીએ જ્યારે ચારધામની યાત્રા કરી હતી ત્યારે પ્રભુજીએ બદ્રીનાથથી દેવપ્રયાગની પદયાત્રા કરેલ હતી. એટલે એ મનઅંતરે રોમાંચ હતો કે પ્રભુજીએ જે પથ પર જ્યાં પદયાત્રા કરી હતી તે પથ પર અમારે પદયાત્રા કરવાની હતી ! હિમાલયનું નામ સ્મરણમાં આવે અને જ્યારે સાચે જ એ હિમાલયમાં હોઈએ ત્યારે એ અનુભૂતિ અલગ જ હોય છે. આ પદયાત્રાઓ પદયાત્રીઓનાં જીવનમાં ક્રાંતિ સર્જશે એ નક્કી. પદયાત્રા દરમ્યાન બધાંની સાથે જ હોવા છતાં સૌ પોતપોતાની રીતે અલગ જ ભાસતા હતા. સૌ પોતાની મસ્તીમાં મસ્ત હતા. અને આજુબાજુ હિમાલયના સૌંદર્યનું પાન કરતા રહેતા. શ્રી ગંગાજી આપણી બાજુમાં અલ્લડ બની વહી જતાં હતાં અને તેનો નાદ જાણે મનઅંતરને મુગ્ધ કરવા સજ્જ હતો. એક તરફ હિમાલયનાં ઉત્તુંગ ઊંચાં ઊંચાં શિખરો અને એક બાજુ છેક નીચે ખૂબ નીચે શ્રી ગંગાજી. રસ્તાની બંને બાજુ ચાલવાનું થતું ત્યારે



બંનેનો આનંદ ઉઠાવતા હતા. એક દિવસમાં ત્રણે સીઝન જોવા મળતી. પ્રકૃતિ અને પ્રભુ અને પદયાત્રાનો અનેરો સમન્વય હતો.

મને આ પદયાત્રામાં મારા મનના સ્મરણપટ પર એક પદ સતત ચાલ્યા કરતું. જે મને સતત પદયાત્રા કરવા પ્રેરણા ધરતું અને એમાં એવી મસ્તી ચડતી કે કોણ આગળ ચાલે છે કે કોણ પાછળ ચાલે છે કે કોણ જોડે ચાલે છે. એનું ભાન જ ના રહેતું. એ પદના શબ્દો આ પ્રમાણે છે.

'એ છે સર્વેશ્વરી માત રે...
સદા ચાલે છે મારી સાથ રે...

ડગલે પગલે શક્તિ ભરતી
હિંમતનું હથિયાર ધરતી

એ છે. સર્વેશ્વરી માત રે...
સદા ચાલે છે મારી સાથ રે...'

શ્રી ગંગાજી સતત સાથે વહે છે. શ્રી ગંગાજી જાણે મને 'મા' સર્વેશ્વરી જ લાગે છે. અને આ પદ મનમાં ઘૂંટાયા કરતું. એ પણ પૂજ્ય શ્રી 'મા'એ જ સુઝાડ્યું હશે...એ રીતે આ દેહ પર કૃપા વરસાવી અને પદયાત્રામાં પૂજ્ય શ્રી'મા'એ બે પદ અમને સૌને ધર્યાં હતાં. એ અક્ષરદેહને પણ આપણે માણીએ..કેટલું સરસ અને કેટલું સરળ પદ પૂજ્ય શ્રી'મા'એ રચ્યું છે. કે જે સતત સ્મરણપટ પર સદાને માટે રમ્યા કરશે એ પદ માટે પૂજ્ય શ્રી'મા'નો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

'પ્રભુ સાંભળજે મારી વાત હવે...
પદયાત્રામાં તું પડખે રહેજે
પગલે પગલે શક્તિ ભરજે
પગદંડી પુષ્પસમી કરજે
બાળગણીને ઊંચકી લેજે
મંત્રથી મુજને મઢી લેજે.'

પૂજ્ય શ્રી'મા'એ આ પદની એક એક પંક્તિ જાણે અમારી પદયાત્રામાં સાર્થક કરી બતાવી હોય તેવી સતત પ્રતીતિ થઈ. સતત પૂજ્ય શ્રી'મા' આ પદયાત્રામાં પડખે જ રહ્યાં છે. એટલે જ આ દુર્ગમ યાત્રા સુગમ બની શકી. સતત વાહનોની અવરજવર, જંગલી જાનવરોનો ભય પણ હોય, છતાં કોઈ અણબનાવ બન્યો નથી. બધાં જ સુરક્ષિત રહી શક્યાં અને આ યાત્રામાં સાચે જ પૂજ્ય શ્રી'મા' એ કોઈ પણ જાતનો થાક લાગવા દીધો જ નથી. અને આખી પદયાત્રાની પગદંડી પુષ્પો સમી જ કરી દીધી હતી, તેથી અમને તો હવામાં ઉડતા હોઈએ તેમ ભાસ થતો..અને સતત મનઅંતરે પ્રભુનું સ્મરણ થતું રહેતું. શ્વાસે-શ્વાસે, ડગલે-ડગલે, પગલે-પગલે મંત્રજપ થઈ શક્યા લગભગ ૧.૨૫ લાખ જપ આ યાત્રામાં પ્રભુએ પૂરા કરાવી લીધા, લગભગ ૨૩૦૦ જેટલા પ્રણામ પણ કરાવી લીધા આ બધી શક્તિ પૂજ્ય શ્રી'મા' વિના કોણ ભરી શકે ? પૂજ્ય શ્રી'મા' કહેતાં કે, 'રસ્તે પ્રભુ મળે તો લેતા આવજો.' આ પૂજ્ય શ્રી'મા'ની પણ કેવી અનોખી લીલા છે. પૂજ્ય શ્રી પ્રભુ અને પૂજ્ય શ્રી'મા' આ બંને એક જ તત્ત્વ છે. એક જ સત્ત્વ છે. પણ



આપણને સૌને ભ્રમમાં નાખવા માટે કહે છે. પ્રભુને શોધી લાવજો, જે આપણી સામે જ હોય, એને ક્યાંય શોધવાની જરૂર જ નથી. આ યાત્રામાં એક એ વાત દ્રઢ બની કે પ્રભુને બહાર શોધવાની જરૂર નથી. આપણી અંદર જ એને શોધવાના છે. કારણ આપણે પ્રભુને શોધવા માટે આપણે આપના હૃદય સુધી પહોંચવા માટે રાહમાં જે વિઘ્ન આવે છે, અંતરાયો આવે છે, તે છે આપણા રાગદ્વેષો, વાસના, કામના, ચિંતા, વેર, ઝેર જેવા અનેક અંતરાયો એક ધુમ્મસની જેમ હૃદય અને મનની વચ્ચેના પથ પર પથરાયેલા છે. જો પ્રભુને શોધવાના હોય તો આ બધા અંતરાયો દૂર થશે ત્યારે જ પ્રભુને આપણે આપણામાં જ પામી શકીશું. એવું મનને સતત લાગ્યું. આભાર પૂજ્ય શ્રી'મા' આપ આ રીતે મનના ચક્ષુને ખોલતાં રહેજો. આ પદયાત્રા જીવનમાં ઝંઝાવાત સર્જે અને ચમત્કાર થાય અને આ જીવન આપનું જ બને. આપનામય બની જાય એ જ વિચાર પદયાત્રા દરમિયાન મન કરતું રહેતું હતું.

પૂજ્ય શ્રી'મા'એ જે બીજું પદ આપ્યું તેના શબ્દો નીચે પ્રમાણે છે. એ આપણે જોઈએ :

'તને લક્ષ કોટી વંદન
મા ધરતી બનો ચંદન
તારું નામ છે દુઃખભંજન
મારા મનનું કર મંજન'

અમે સૌ પદયાત્રીઓએ યાત્રા તો ચાલુ કરી પણ જે ધરતી પર પૂજ્ય શ્રી પ્રભુનાં ચરણકમળની રજ પડી હશે. એ ધરતી

'મા'ને પ્રણામ કરવાનું ચૂકી ગયા છીએ તો પૂજ્ય શ્રી'મા'એ કેટલી કૃપા કરી. આ એના બાળકોની ભૂલ માટે, આ સરસ પદની રચના કરી અને ધરતીમાને લક્ષ કોટી વંદન કરાવ્યાં. કારણ એ ધરતી પર ચાલવા આપણે ધરતી માતાની આજ્ઞા લેવી પડે ! પણ આપણે એ ભૂલી ગયાં, તો આપણા પથદર્શક, આપણા ગુરુ, આપણા ભગવાન પૂજ્ય શ્રી'મા'એ આપણાં સૌની ક્ષતિ સુધારી લીધી છે. બીજી પંક્તિમાં ધરતીમાને ચંદન બનવા વિનંતી કરી છે. કારણ જ્યારે આપણા પદ આ ધરતી માતા પર પદયાત્રા કરતાં હોય ત્યારે તેમને પણ અસહ્ય વેદના થતી હશે. આપણે એના પર જોરથી ચાલીએ. કૂદીએ, કે દોડીએ ત્યારે ધરતીમાતા પણ ઘવાતાં હશે, તો એ ધરતીમાતાને શીતળ થવાનું કહ્યું છે. કે મારાં બાળકોને ક્ષમા ધરજો. અને બીજા અર્થમાં કહીએ તો આપણે આ પદયાત્રા કરીએ તો આપણું જીવન પણ ચંદનની જેમ સુગંધિત બનાવવાનું છે. આપના વાણી, વ્યવહાર, વર્તનથી કોઈને પણ ચંદનની જેમ શીતળતા મળવી જોઈએ. બીજું પૂજ્ય શ્રી'મા' ત્રીજી લીટીમાં ધરતી માતાને પ્રાર્થના કરે છે કે તારું નામ છે દુઃખભંજન, જાણે કહેતાં હોય કે આ મારાં બાળકો એ ધરતીમાતાને પદયાત્રા કરીને કષ્ટ પહોંચાડે છે પણ હે ધરતી 'મા' આપ તો દુઃખ હરનારાં છો તો આ મારા બાળકોનાં દુઃખો હરજો. એમને સુખી બનાવજો. અને એ બાળકોને સતત એમના મનનું મંજન કરાવજો, જેમ રોજ સવારે દાંતની સફાઈ માટે દંતમંજન કરીએ છીએ તો દાંતની સફાઈ થાય છે. તો આ બાળકોનાં મનમાં સતત પ્રભુનાં નામનું સ્મરણ કરાવજો અને એ બાળકોના મનનો કચરો દૂર કરતા રહેજો જેથી આ બાળકો આડાઅવળા જાય નહિ. તેમનું મન



બીજે આ શ્રીચરણ સિવાય ક્યાંય જાય નહિ. તો આ યાત્રાનું જમાપાસું એ છે કે સતત 'મા' સાધનાક્ષેત્રે જગાડતાં રહે છે. આ પદપ્રસાદી ધરી સૌ પદયાત્રીઓ માટે કેટલી પ્રાર્થના કરી છે ! આ પૂજ્ય શ્રી'મા' સિવાય આ કોણ કરી શકે ?

આ પદયાત્રા અવિસ્મરણીય રહેશે. યાત્રા તા.૨૯/૧૨/૨૦૨૧ના રોજ પદયાત્રા દેવપ્રયાગમાં પૂજ્ય શ્રીપ્રભુની તપોભૂમિ શાંતાશ્રમ પર પ્રાર્થના અને પ્રણામ કરી પૂર્ણ પામી છે. પદયાત્રામાં પૂજ્ય શ્રી'મા'નો ફોન આવે છે કે શ્રી કોટેશ્વર મહાદેવથી શરૂ થયેલી યાત્રાને શ્રી કોટેશ્વર મહાદેવને પ્રણામ કરી પૂર્ણ કરો અને આભાર વ્યક્ત કરો. અને આ યાત્રા શ્રી કોટેશ્વર મહાદેવની ભૂમિમાં શ્રી ગંગાજીથી શ્રી કોટેશ્વર મહાદેવને અભિષેક કરીને, શિવસ્તુતિ ગાઈને, પ્રણામ કરીને પૂર્ણ પામી અને જેનો યાદગાર વિડીઓ પણ શ્રી હેમલભાઈ અને એમની ટીમે લીધો.

તા.૩૦/૧૨/૨૦૨૧ના રોજ સવારે ૧૦.૦૦ની બેઠકમાં પૂજ્ય શ્રી'મા' બધાંને પ્રસાદી ધરી, શ્રી લક્ષ્મી પણ પ્રસાદમાં ધરી, ભૂદેવને ધોતિયું પણ મળ્યું છે. જનોઈ પણ મળી છે. બધાંને બોલવાનું છે. પોતાની પદયાત્રા વિશે...

હે પૂજ્ય શ્રી'મા' આ પદયાત્રા નિરંતર જીવનમાં થતી રહે અને અમારા પોતામાં રહેલા દોષો, અવગુણો, દૂર કરી અમારાંમાં બિરાજમાન રહેલાં પ્રભુને શોધી શકીએ..અને અમને એવી સમજ ધરજો કે જે અંદર છે એને બહાર શોધવામાં જીવન નિરર્થક વેડફીએ નહિ. આપે ધરેલાં પદો અમારા સૌનાં જીવનમાં સાર્થક થાય.

**—શ્રી અશ્વિન કાકા**

# ॥ અમારી યાત્રા એટલે કૃપાયાત્રા ॥

'યાત્રા'માં યાતના અને ત્રાસ તો હોય છે જ પરંતુ જ્યારે યાત્રા પ્રભુના સ્થાનની હોય, પ્રભુકૃપાથી સધાતી હોય ત્યારે તે આનંદમય બની રહે છે. 'મા' પ્રભુને કારણે તે સરસમાં સરસ રીતે સંપન્ન થાય છે. આ અનુભૂતિ મારી દરેક કઠિન યાત્રાની તેમ જ સમસ્ત જીવનયાત્રાની છે.

પ્રભુના શતાબ્દી પર્વે, પ્રભુની વિચરણભૂમિ, દેવભૂમિ હિમાલયની યાત્રા યોજાતાં જ્યાં પ્રભુનાં પગલાં પડ્યાં એ તીર્થની યાત્રા કરવાનું સદ્‌ભાગ્ય સાંપડતાં અનેરો આનંદ થયો.

'પ્રકાશના પંથે', 'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય', 'લીલામૃત' તેમ જ યોગતીર્થમાં આલેખાયેલા પ્રભુના જીવનપ્રસંગો ખાસ તો ટીહરીના ગામનાં નિર્માણનું દશ્ય નજર સમક્ષ તરવરે છે. માગશરની ઠંડીમાં માત્ર કૌપીનભેર દશરથાચલ પર્વત પર નિવાસ કરતા અને 'શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારિ'ની ધૂનમાં મસ્ત બની જગદંબાભરોસે યાત્રા કરતા પ્રભુના પોકારો, પ્રાર્થના, ઉપવાસોના સાક્ષી એવા પહાડો, પગદંડીઓ, વૃક્ષોને જોતાં હૃદય ભરાઈ આવે છે. સાથે પ્રાર્થના પણ થાય છે કે, 'હે મા, મારી કોઈ યોગ્યતા નથી. પણ તમે જ જપાવી-તપાવી આ યાત્રામાં પ્રભુમય રાખજો.'

શાંતાશ્રમ પહોંચી, પ્રભુની કુટિયાનાં દર્શન કરી, 'મા' પ્રભુની આજ્ઞા લઈ, નવ મંત્રગાન ને વરદ હસ્તની પ્રાર્થના કરી, પદયાત્રાનો પ્રારંભ થાય છે. થોડા જ સમયમાં દેવપ્રયાગથી કોટેશ્વર જવાના રસ્તે અમે આવી જઈએ છીએ. આ રસ્તા પાકા ને વાહનો આસાનીથી જઈ શકે એવા છે. ચોતરફ ભરપૂર કુદરતી સૌંદર્ય, હિમાલયની ગિરિકંદરાઓ ને સાથે સાથે મા ગંગાજી ! જાણે આપણાં વહાલાં 'મા' સૌ બાળકોને રોજની ગડમથલમાંથી કાઢી, પ્રભુના



પગલે પગલે ચલાવતાં ન હોય ! દરેક ડગલે ને પગલે 'ૐ મા ૐ મા' મહામંત્ર પગોમાં જોમ ભરી રહે છે.

રસ્તે ચાલતાં પહાડી નિવાસી લોકો 'આઈયે, કહાઁસે આયે હૈ ? કહાઁ જા રહે હો ? ચા પીલો'નું આમંત્રણ આપે છે. આ પરિશ્રમી લોકોનાં જીવન ભારે અગવડભર્યાં હોવા છતાં અમને સગવડ આપવા તત્પર થઈ તેમના પ્રેમભર્યાં આતિથ્યનો અનુભવ કરાવે છે. જોકે, યાત્રિકો માટે થોડા થોડા અંતરે બસ ઊભી જ રહેતી હોય છે, પાણી, કે બીજી કોઈ વસ્તુ લેવી-મૂકવી હોય તો ! આ આયોજન અલબત્ત, પૂજ્યશ્રી'મા'નું જ છે. પૂજ્યશ્રી યોગેશ્વરજીએ ૧૯૪૩ની સાલમાં દેવકીબાઈની ધર્મશાળા છોડી, દેવપ્રયાગ આવ્યા ને ત્યાર પછીના વર્ષે ટીહરીયાત્રા કરેલી. અમને બધાં જ બાળકોને પ્રભુના પદચિહ્ન પામેલી આ ટીહરીયાત્રાનો અવસર મળ્યો એટલે બધા જ બહુ પ્રસન્ન હતા. ખૂબ જ પ્રેમપૂર્વક જપ, પ્રાર્થના, બાવની, ગરબા તેમજ વરદ હસ્ત...ના ગાનથી આખું વાતાવરણ ભરી દઈ ધન્ય બનીએ છીએ.

બપોરે એક ઘરે અમારા ભોજન માટેની વ્યવસ્થા હતી. આલુપરોઠા અને દહીંનો ભોજનપ્રસાદ લઈ ફરીથી યાત્રા આરંભાય છે. અહીંથી ૮ કી.મી. કાચો રસ્તો શરૂ થાય છે. રસ્તે આવતાં ઝરણાંઓ, ગિરિમાળાઓ, આંખમાંથી સીધી હૃદયમાં પ્રવેશી જાય છે. ત્યાં પથરાયેલા પ્રકૃતિના સૌન્દર્યને ઘણાંએ પોતાના કૅમેરામાં કંડારી લીધું. આ બધું માણતાં માણતાં, 'ૐ મા જય મા, રક્ષમામ્'નું ઉચ્ચારણ કરતાં કરતાં પ્રભુ અહીંથી પસાર થયા હશે ત્યારે રસ્તા કેવા હશે ? ક્યાં ભોજન પામતા હશે ! એવા વિચારો પણ કરતા ગયા. ને લો, કોટેશ્વર મહાદેવ આવી પણ પહોંચ્યા !

આ સ્થાન ખૂબ જ શાંત અને સુંદર છે. અહીં સ્વયંભૂ શિવલિંગ છે, સાથે 'મા' જગદંબાનું સ્વરૂપ પણ પ્રતિષ્ઠિત છે. રસ્તાથી ૫૦૦ મીટર નીચે ઊતરતાં 'કોટેશ્વર મંદિર' આવે છે. 'મા' ભાગીરથી કોટેશ્વર મહાદેવની પ્રદક્ષિણા કરતાં હોય તેમ મંદિરની ફરતે મા

ગંગાજીનાં દર્શન થાય છે. એકાંત, પવિત્રતા, દિવ્યતા, સુંદરતા સાથે શિવ-શક્તિ બિરાજમાન છે. મા ગંગાજીનાં નીર પણ એકદમ સ્વચ્છ-પારદર્શક છે. જળનો કલકલ નિનાદ જાણે પ્રભુની ગુણગાથા ગાતો નજરે પડે છે. 'સ્કંદપુરાણ'ના કેદારખંડમાં આ મહાદેવનો મહિમા વર્ણવ્યો છે. કોટેશ્વર મહાદેવનું સ્વરૂપ ૧૨''X૧૨''થી પણ વિશાળ છે. બહાર નંદી પણ મોટા સ્વરૂપમાં અધિષ્ઠિત છે.

મંદિરને ફરતે ચારધામના યાત્રીઓ-સંન્યાસીઓ માટે બેસવા-સૂવાની વ્યવસ્થા છે. પહેલાં જ્યારે મોટરમાર્ગ ન હતા દેવપ્રયાગથી ટીહરી જતા યાત્રીઓ આ મંદિરમાં વિશ્રામ લેતા.

મંદિરના પ્રવેશદ્વારે મોટો ઘંટ છે. તેના વિશાળ પ્રાંગણમાં હનુમાનજીની મૂર્તિ છે. ગંગાજીમાં સ્નાન કરવા માટે સુંદર ઘાટ છે. ડૂબકી મારવા માટે સાંકળ પણ બાંધેલી છે. ધ્યાન, મૌન એકાંત, પારાયણ ને સાધના માટે શ્રેષ્ઠ એવાં 'કોટેશ્વર મહાદેવ' તીર્થનાં દર્શન કરી અમે રામકુંડ રિસોર્ટમાં ગયા. જે ભાગીરથી અને અલકનંદાના સંગમસ્થાન પર આવેલો છે. ત્યાંથી રઘુનાથજીના મંદિરનું દર્શન પણ થાય છે. આ આખીયે યાત્રામાં પૂ.શ્રી પ્રભુ, માતા જ્યોતિર્મયી તેમજ પૂ.શ્રી'મા' સતત સાથે જ રહ્યાં. આ યાત્રા દ્વારા પ્રભુના પગલે બાળકોને ચલાવી, પ્રભુને ઓળખાવી પૂ.શ્રી'મા'એ અમારા પર અનોખી કૃપા કરી છે.

યાત્રામાં તો સતત સૂક્ષ્મરૂપે સાથે હોય જ પણ પ્રગટ રીતે પણ ફોન દ્વારા દરેક બાળકની ખબર-અંતર લઈ, બાળકોમાં શક્તિ-સ્ફૂર્તિનો સંચાર કરતાં 'મા'ની એકમાત્ર ઇચ્છા અમને પ્રભુના પગલે પગલાં પડાવવાની છે. સાંજે પ્રભુનું પ્રિય ભોજન ખીચડીનો પ્રસાદ લઈ પ્રાર્થના કરી આરામ કર્યો.

બીજે દિવસે નવ મંત્રગાન-વરદ હસ્તની પ્રાર્થનાથી યાત્રા આરંભી. બસમાંથી કોટેશ્વર મહાદેવનાં ઉપરથી દર્શન કર્યાં. એક બાજુ પહાડ ને બીજી બાજુ ગંગાજી જાણે આગળ પ્રભુનું છત્ર ને



પાછળ 'મા'નું છત્ર. આપણી સતત રક્ષા કરતું રહે છે.

'મૂકમ્ કરોતિ વાચાલં'ની સાર્થકતા. 'સોંપો તો સંભાળે છે' એ 'મા'નાં અભયવચનની નિશ્ચિતતા યાત્રામાં પળે પળે અનુભવાઈ. 'ૐ મા ૐ'ના મંત્ર સાથે યાત્રિકો આગળ વધે છે. કેટલાક હિંમત હારવાની તૈયારી કરતા હોય એમ લાગે છે. ત્યાં 'મા' ફોન દ્વારા 'યે 'વક્ત ન ઠહરા હૈ ન વક્ત યે ઠહરેગા

હિંમત સે કામ લેંગે, ગભરાના કૈસા ?'

એ ગીત મોકલી થાકેલા-હારેલા બાળક પર જાણે શક્તિપાત કરે છે ને થોડા વખતમાં 'કોટેશ્વર ડૅમ' પહોંચી જવાય છે. આ ડૅમ બહુ જ સુંદર છે. ત્યાં ખજૂર-જ્યુસનો પ્રસાદ લીધો. હવે ટીહરી નજીક આવતું જાય છે ને યાત્રાની પૂર્ણાહુતિનો આનંદ દોરવા માંડે છે.

દરેક વળાંકે હિમાલયનાં અવનવાં દૃશ્ય, ગંગાજીનો સુમધુર નાદ, દરેક ક્ષણે પ્રભુજીના જીવનપ્રસંગો, પૂ.શ્રી'મા'ના કૃપા પ્રસંગો. આ બધું બસમાં બેસતાં જ અદૃશ્ય થઈ જશે એમ વિમાસતો બસમાં બેઠો છું. હવે ટીહરી ૨ કી.મી. જ બાકી છે. એટલે ચાલ ધીમી કરી હિમાલય-ગંગાજીને પ્રણમી, વહાલાં 'મા' પ્રભુને પ્રાર્થું છું. 'તમે જ કૃપા કરી, ફરી ફરી આપના અંકે જપવા-તપવા તેડજો.' ને ટીહરી પહોંચી જઈ, નવ મંત્રગાન, ને પ્રાર્થના પ્રણામ કરીએ છીએ. ત્યાં પૂર્ણાહુતિનો પ્રસાદ પૂ.શ્રી'મા' તરફથી મળે છે.

સહજ જ ફરી પ્રાર્થના થઈ જાય છે : 'હે 'મા' પ્રભુ તમે સાથે રહીને જેમ શાંતાશ્રમથી ટીહરીની યાત્રા કરાવી તેમ જીવનની દરેક ક્ષણે જાગ્રત રાખી, જપ-તપમાં બધાં જ કર્મોને ધોઈને આ જીવનની યાત્રા આપનાં શ્રીચરણોમાં જ પૂર્ણ કરાવજો. તમારી કૃપા વિના કશું શક્ય નથી, તમારી કૃપાથી કશું અશક્ય નથી. વહાલાં 'મા' પ્રણામ, પ્રણામ, પ્રણામ.'

**—શ્રી સ્નેહલ પુરોહિત**

## ॥ અશક્યને શક્ય કરનાર 'મા' ॥

જીવનમાં નાનાં-મોટાં ઘણાં લક્ષ્યો આપણે પ્રાપ્ત કરીએ છીએ; જેનો આનંદ સહજ અંતરમાં હોય છે. પરંતુ જ્યારે કોઈ લક્ષ્ય તમે તમારી બનાવેલી લિમિટની લોખંડની દિવાલને પણ તોડીને-ભૂક્કો કરી તે લક્ષ્ય પ્રાપ્ત કરો છો ત્યારે જે આનંદ પ્રસન્નતા હોય છે તેને શબ્દોમાં વર્ણવી ન્યાય આપી શકાય તેમ નથી હોતો. તે પામેલ લક્ષ્ય શબ્દોથી-વર્ણનથી પર હોય છે. એવી જ આ પદયાત્રા પૂ.'મા'એ તેમની દિવ્ય શક્તિ મારામાં આરોપિત કરી મારા થકી તે પદયાત્રા કરાવી તેમની દિવ્યતાનો મને અનુભવ કરાવ્યો.

૨૦૧૮માં મારા બન્ને પગોના ઘૂંટણોમાં મોટી સર્જરી થઈ હતી ત્યારે પૂ.'મા'એ ફોન પર સહજ કહેલું કે મહુ હિમાલયની પદયાત્રા પણ કરશે ત્યારે મનમાં થયેલું આ પગના ઘૂંટણો-પગો કરી શકશે ? અત્યાર સુધી કોઈપણ ફરિયાદ વગર ખૂબ જ સરસ સેવા આપી છે. પણ હવે આ સર્જરી પછી સારી રીતે થોડું ચાલી શકાય તોય ઘણું ! પદયાત્રાની કલ્પના કરવી એ તો મારા માટે દિવસમાં સ્વપ્નાં જોવા બરાબર હતું; છતાં અંદરથી અતૂટ શ્રદ્ધા પૂ.'મા'ના સહજ લખાયેલા અક્ષરદેહ પર હતી. હા ! કસોટી પણ આપણી જરૂર થાય. શ્રદ્ધાના પાયા મજબૂત રાખવા પડે. પૂ.'મા' હરિદ્વાર-આર્ય નિવાસમાં. પૂ.'મા' ગંગાના શ્રીઅંકે બિરાજમાન હતાં અને એક દિવસ થોડા ભક્તો સાથેનું પૂ.'મા'એ પદયાત્રાનું આયોજન (દેવપ્રયાગથી ટીહરી) લગભગ ૪૫ કી.મી. બે દિવસ માટે કર્યું. ઘણી જ આશા હતી કે મારું નામ તે પદયાત્રીઓમાં હોય પરંતુ મારું નામ નહિ આવવાથી



થોડી નિરાશા. પરંતુ પૂ.'મા'ને મારી ગજા બહારનું 'કંઈક વિશેષ' મારાથકી કરાવવું હતું. ૧૯૨૦માં જે પદયાત્રા યોજાયેલી ઉત્તરકાશીથી દેવપ્રયાગ સુધીની જે covidને કારણે અધૂરી રહી ગયેલી. કર્ણપ્રયાગથી દેવપ્રયાગ સુધીની પદયાત્રા બાકી હતી. જેમાં મારું નામ આવતાં અંદરથી અતિ આનંદ-પ્રસન્નતા.

પરંતુ યાત્રાના બે/ત્રણ દિવસ પહેલાં જ પૂ.'મા'એ સંત્સંગની બેઠકમાં બૉમ્બ જેવી જાહેરાત કરી કે covidનું પ્રમાણ વધવાની શક્યતા અને પછી ગુજરાત પહોંચવાની મુશ્કેલીઓ અતિ કઠીન થઈ જાય છે તે પહેલાં આ પદયાત્રા કૅન્સલ કરવામાં આવે છે અને વધારામાં પૂ.'મા'એ જણાવ્યું પોતપોતાના ઘરે બને તેટલા વહેલા પહોંચવા લાગે. સન્નાટો-છવાઈ ગયો. મન સૂન થઈ ગયું. બધી જ આશાઓ-સ્વપ્નો પર પાણી ફરી ગયું. શું હવે એમ જ ભારત છોડીને અમેરિકા ઘરે જતાં રહેવું પડશે. પરંતુ કરુણાના દેવી એવાં પૂ.'મા'એ તે જ દિવસે થોડા સમય પછી પાછું જાહેર કર્યું પદયાત્રા ચાલુ રહેશે અને વધારામાં દેવપ્રયાગથી કોટેશ્વર મહાદેવની પદયાત્રા પણ થશે. આનંદ આનંદ મનઅંતરમાં.

તા. ૨૫ ડિસે.ના રોજ દેવપ્રયાગથી કોટેશ્વર મહાદેવની પદયાત્રા લગભગ ૨૫ કિ.મી. ૯૧ ભક્તો સાથે યોજાઈ. અને તે પદયાત્રા અમે પૂર્ણ પણ કરી શક્યા. અને અમારી ૨૩ ભાઈઓની કર્ણપ્રયાગથી દેવપ્રયાગ સુધીની પદયાત્રા લગભગ ૧૦૦ થી ૧૦૫ કી.મી.ની યોજાઈ. ૨૫ ડિસેમ્બરની સાંજે કોટેશ્વર મહાદેવથી કર્ણપ્રયાગ જવા રવાના થતાં પહેલાં એક હૉટલમાં રાતવાસો કર્યો.

કર્ણપ્રયાગ 'હૉલીડે હોમ' થી તા. ૨૬મી ડિસે.ના રોજ અમારી પદયાત્રા સવારના લગભગ ૯.૦૦ વાગ્યે નવમંત્ર-વરદ હસ્તની પ્રાર્થના જય જય કૃપાળુના ઘોષ સાથે પ્રારંભ પામી. સવારમાં થોડી ઠંડીનું પ્રમાણ હતું. સૂર્યદેવ પણ અમારી યાત્રામાં ખૂબ સાનુકૂળ હતા. હિમાલયની દિવ્ય ભૂમિ પરના દિવ્ય મહાપુરુષો, તપસ્વીઓ, ઋષિમુનિઓ, દિવ્ય આત્માઓ, દેવી-દેવતાઓ અમારી યાત્રાના પ્રારંભમાં દશે દિશાઓથી આશીર્વાદની વર્ષા સતત વરસાવી રહ્યા હતા. એવું સૌના ઉત્સાહ-ઉમંગ-જુસ્સા પરથી લાગી રહ્યું. હિમાલયની એ દિવ્યતાએ સૌના માનસપટ પર અંકુશ લઈ લીધો. અમો સૌ માનસિક અને શારીરિક રીતે તે દિવ્યતાને સહજતાથી શરણાગત થઈ ગયા. બધા જ પદયાત્રીઓમાં દૈવી શક્તિનું આરોપણ ક્યારનું થઈ ચૂક્યું હતું અમે-અમે નહોતા. કર્ણપ્રયાગના ધામને જોડતા પૂલ પરથી અમે સૌ યાત્રા કરતાં હતાં અને પૂલ પરથી જ દિવ્ય સંગમ અલકનંદા અને પીન્ડર(pindar) નદીઓના અદ્ભુત સંગમને આંખોમાં-હૃદયમાં સમાવી રહ્યા હતા. સાથે સાથે ફોનમાં પણ સ્મૃતિને અંકિત કરતા રહ્યા. પહાડોમાંથી જતા રસ્તાઓ વાંકાચૂકા-ઢાળવાળા-ચઢાણવાળા અને જમણી બાજુ સતત શ્રી ગંગામાનાં દર્શન, દિવ્યભૂમિ પર અમારું આ રીતે હોવું. —પદયાત્રીરૂપે ! એ જ જાણે જીવનની અમૂલ્ય ક્ષણો પૂ.'મા'ની અનન્ય કૃપા. પૂ.શ્રી ગંગામા સવારના ગાઢ ધુમ્મસની સફેદ ચાદર ઓઢીને સંતાઈ ગયા હોય એવું લાગે. શ્રીગંગામાં ત્યાં છે તેની અમને પ્રતીતિ કરાવવા સુંદર વહેણના મધુર નાદે અમને કહી રહ્યા હોય કે હું અહીં જ છું અત્યારે તમે મારા નાદનું શ્રવણ કરી આનંદ માણો પછી તમને દર્શન-નાદ બન્નેનો



આનંદ આપીશ.

દરેક પર્વતના વળાંકમાં શ્રી ગંગામાનું અદ્ભુત દિવ્ય દર્શન ! દરેક વળાંકમાં શ્રી ગંગામાનાં જુદા જુદા સ્વરૂપમાં જુદી જુદી મુદ્રામાં દર્શન થતાં. તમે આવવાનો થાક પણ ભૂલી જાવ તમારે ફરજિયાત ઊભા રહી તેમને માણવા જ પડે. હિમાલયના શ્રી ગંગામાં સૌથી ન્યારાં ! આંખો ધરાય નહિ-મન ભરાય નહિ. એવા દિવ્ય શ્રી ગંગા'મા'નાં દર્શન અને હિમાલયના પર્વતોની હારમાળાનાં દર્શન કરતાં કરતાં તમારા કી.મી. ક્યારે કપાઈ જાય તેની ખબર પડે નહિ.

પૂ.'મા' સતત અમારાં સૌ પર દિવ્ય કૃપા વરસાવતા રહેતાં. દરરોજ સતત ફોન કરી અમારી યાત્રાના-યાત્રીઓના સમાચાર જાણતાં રહેતાં. અને જરૂરી સૂચનાં-માર્ગદર્શન પણ આપતાં રહેતાં. પૂ.'મા' ભલે હરિદ્વારમાં બિરાજમાન હતાં પરંતુ અમે સૌએ એવું અનુભવ્યું કે પૂ.'મા' અમારી સાથે જ યાત્રા કરી રહ્યા છે. પૂ.'મા'ને અમારી સતત ચિંતા. અરે ! અઘરી યાત્રા ખૂબ સારી રીતે કરી શકીએ. સફળ થાય તે માટે અમારે માટે પદની રચના પણ કરી.

**રાગ : મને ગોવિંદરૂપે**

'પ્રભુ સાંભળજે મારી વાત હવે
પદયાત્રામાં તું પડખે રહેજે.
પગલે પગલે શક્તિ ભરજે
પગદંડી પુષ્પસમી કરજે
બાળગણીને ઊંચકી લેજે
મંત્રથી મુજને મઢી લેજે'

સૌ યાત્રીઓ મંત્રજપ, પ્રાર્થના સાથે યાત્રા કરી રહ્યાં હતાં. પદ દ્વારા અમને શક્તિ મળે-કૃપા પ્રાપ્તિ થાય અને તેટલાથી પૂ.'મા'ને સંતોષ ન થતાં ધરતીમાને વિનંતી-પ્રાર્થના કરી અમને તેનું ગાન કરતાં કરતાં યાત્રા કરવાનું સૂચન કર્યું અને ખરેખર "ધરતી મા" અમારા સૌ માટે એટલા બધા શીતળ થઈ ગયેલા કે કોઈને કોઈ થાક નહિ. કોઈ પગની મોચ નહિ. કોઈ અકસ્માત નહિ સર્વત્ર રક્ષા રક્ષા રક્ષા. જે આ પદ રહ્યું :

'તને લક્ષ કોટી વંદન
મા ધરતી બનો ચંદન
તારું નામ છે દુઃખભંજન
મારા મનનું કર મંજન.'

પૂ.'મા' પ્રાર્થે છે-'હે ધરતી મા ! અમારા બાળકો ચાલી રહ્યા છે. તમે ચંદન જેવા શીતલ થઈ જજો જેથી મારા બાળકોને થાક-મુશ્કેલીના ના પડે.' પ્રથમ દિવસે લગભગ ૨૮ કી.મી. (કર્ણપ્રયાગથી સુપ્રયાગ પહેલા) બીજે દિવસે રુદ્રપ્રયાગ સુધી ૨૯ કી.મી., ત્રીજા દિવસે રુદ્રપ્રયાગથી શ્રીનગર નજીક ૨૯ કી.મી. અને ચોથા દિવસે દેવપ્રયાગ સુધી ૧૮ કી.મી.ની પદયાત્રા પૂ.'મા'ની દિવ્ય શક્તિથી કરી શક્યાં.

રોજ સવારે અને સાંજે સમૂહપ્રાર્થના થતી. દરરોજ રાત્રે પથારીમાં જતાં થતું આવતીકાલે ચલાશે કે કેમ ? થોડો થાક અને દુઃખાવાને કારણે. પરંતુ યાત્રાની દરેક સવારમાં પૂ.'મા' મારા બન્ને પગો, ઘૂંટણોનું જાણે રિપ્લેસમેન્ટ કરી દેતાં ન હોય તેવું અનુભવતો. રાત્રે નથી માલીશ કર્યું કે કોઈ દવા પીધી. એજ સ્ફૂર્તિ ઉત્સાહ-પ્રેમથી દરેક સવારની યાત્રા પ્રારંભ પામતી.

લાંબા અંતરનો ચાલવાનો મારો કોઈ અનુભવ નહિ.



જીવનમાં પ્રથમવાર રોજના ૨૫ કી.મી. વધારે પાંચ દિવસ રોજનું ચાલવાનું થયું. હું ચાલ્યો જ નથી. બંને ઘૂંટણોની સર્જરી સાથે આપણે થોડા ચાલી શકીએ ? એ જ દિવ્ય પૂ.'મા'ની શક્તિ મારામાં રહી યાત્રા કરાવી અને અનુભવ્યું કે તમારે જીવનમાં કાંઈ પ્રાપ્ત કરવું હોય તો તમે તમારી બનાવેલી સુરક્ષાની મનની દિવાલો, બધી જ દિવાલો તોડવી જ પડશે. તો જ તમે કંઈ પ્રાપ્ત કરી શકશો. અને અનુભવશો કે કેટલી બધી શક્યતાઓથી હું ભરેલો છું !

હે મા ! એ જ પ્રાર્થના મનની વિચારોની આગ્રહો પૂર્વગ્રહોની દિવાલો તોડીને આધ્યાત્મિક માર્ગના દિવ્ય માર્ગ પર મારા મન અંતરને મૂકી શકું.

આજે જ્યારે આ લખું છું અને મારા બન્ને પગોને અને ઘૂંટણોને પ્રણામ કરી કહું છું તમારો ખૂબ ખૂબ આભાર તમે કોઈપણ દિવસ રિસાયા વગર સેવા આપી. થેન્ક્યુ થેન્ક્યુ. તમને ક્યાં શબ્દોમાં તમારો આભાર વ્યક્ત કરું ? હું પોતે જ પોતાને માટે આ પદયાત્રાનું મોટું આશ્ચર્ય છું અને આશ્ચર્ય પ્રગટ કરનાર કોઈ નહિ પણ આપણાં પ.પૂ.'મા' જ છે.

અરે ! તમે એક વખત સોંપી તો જુઓ. મારું આ તો બધું નાનું જ આશ્ચર્ય છે એ 'મા' પાસેથી મળતા કૃપાની પ્રસાદીના આશ્ચર્યો ઘણીવાર આ ચર્મચક્ષુથી જોઈ પણ શકાતાં નથી.

ત્રીજા દિવસની યાત્રા અમારી ઘણી કઠિન હતી. કારણ કે તે દિવસના ૨૮ કી.મી.નો રસ્તો ખૂબ જ ઢાળવાળો અને ખૂબ જ સીધા ચઢાણવાળો હતો. અને શ્રી ગંગામા પણ સંતાકુંકડી રમતાં હતાં. ચોથે દિવસે લગભગ ૧૮/૧૯ કી.મી. જ ચાલવાનું હતું દેવપ્રયાગ સુધી. દેવપ્રયાગના સંગમ જવાનું નક્કી કરેલું પછી

ત્યાંથી શાંતાશ્રમ જઈ યાત્રા પૂર્ણ કરવાની હતી. દેવપ્રયાગ મુખ્યરસ્તા પરથી ડાબીબાજુ ૨ કી.મી.નો ટૂંકો રસ્તો હતો જે દેવપ્રયાગના ઘાટ સુધી જતો પરંતુ ઘણો જ ઢાળવાળો જેથી પગનાં ઘૂંટણો પર ઘણું જ વજન આવે. બન્ને પગો/ઘૂંટણો શ્રી ગંગાની રાહ જોઈ રહ્યાં હતાં. શ્રી ગંગામાનાં દર્શન થતાં-આનંદ પ્રણામ-અર્ચન કર્યા પછી થાકેલા બન્ને પગો જેવા શ્રી ગંગામાં મૂક્યા કે જાણે કોઈ થાકને પગોમાંથી ખેંચી રહ્યું હોય તેવું લાગ્યું થોડીવાર પછી અનુભવ્યું ૮૦% થાક શ્રી ગંગામાએ લઈ લીધો. જાતઅનુભવ લખું છું. કોઈ ગોળગપ્પાંની વાત નથી. કોઈને સાચું લગાડવા માટે પણ નથી લખી રહ્યો. શ્રી ગંગામાં જીવંત છે.

જાતે જ નાનામોટા પ્રયોગો કરી આપણી જાતને અને આપણી શ્રદ્ધાને ચકાસતાં રહેવું અને આપણે જ પોતે અનુભવતા 'Example' બની રહેવાનું છે.

દેવપ્રયાગના સંગમથી સૌ યાત્રીઓ ચાલી શાંતાશ્રમ જઈ પ્રભુનો ખૂબ જ પ્રેમથી આભાર માની વરદ હસ્ત-ધન્ય ધન્ય ગુરુદેવ પ્રાર્થના કરી પ્રણામ કરી સૌ બસમાં બેસી ત્યાંથી કોટેશ્વર મહાદેવનાં દર્શને ગયા કારણ કે અમારી યાત્રાની બસ ત્યાંથી જ ઉપડેલી.

હે મા ! આપનો ખૂબ ખૂબ આભાર. આપે આપની દિવ્ય શક્તિથી આ શરીર દ્વારા અશક્યને શક્ય કરી, જગતને અનુભવ કરાવ્યો. વારંવાર આવી જ યાત્રાઓ કરાવતાં રહેજો. પ્રણામ 'મા', પ્રણામ 'મા' સહુના સાષ્ટાંગ પ્રણામ.

**—શ્રી મહુભાઈ ભક્ત**



## ॥ પદયાત્રાનું સ્વપ્ન 'મા' કૃપાથી ફળ્યું ॥

ઘણાં વર્ષોથી મારા અંતરની એક પ્રાર્થના હતી કે હિમાલયના પ્રદેશમાં પદયાત્રા કરવી. તા.૧/૧૨/૨૧ના રોજ હું વિનોદભાઈ મારા ધર્મપત્ની સવિતાબેન તથા કોકિલાબેન શાહ સાથે હરિદ્વાર આર્યનિવાસ પૂ.'મા'ના દર્શનાર્થે આવી જઈએ છીએ.

લગભગ છ કે સાતમી તારીખે સત્સંગની બેઠકમાં પૂ.'મા' કહે છે કે, જેને દેવપ્રયાગથી ટીહરીના માર્ગે કોટેશ્વર મહાદેવની પદયાત્રા કરવી હોય તેઓ હાથ ઊંચો કરે મારી સાથેનાં બેનો પદયાત્રા કરી શકે તેમ ન હતાં પણ મારાથી પદયાત્રામાં જવાશે કે નહિ ! એવું વિચારી પરાણે હાથ ઊંચો કર્યો પૂ.'મા' મારી વ્યથાને સમજી ગયા ને મારું નામ લિસ્ટમાં આવ્યું નહિ. બન્ને બેનોને મેં કહ્યું કે આપણી તા.૮/૧૨/૨૧ની રીટર્ન ટિકિટ છે જો તમે બન્ને બેનો વડોદરા જઈ શકો તો હું પદયાત્રામાં જોડાઈ જઉં ને મારી ટિકિટ રદ કરું બન્ને બેનો સહમત થયા નહિ અને મારી પદયાત્રામાં જવાની ઈચ્છા હોવા છતાં હું જઈ શક્યો નહિ. અને બેનોની સાથે વડોદરા આવી ગયો. પરંતુ પૂ.'મા'ની કૃપા અસીમ છે આપણે આયોજન કરવાનું વિચારીએ તે પહેલાં પૂ.'મા'નું આયોજન અગાઉથી થઈ ચૂક્યું હોય છે.

થોડા જ દિવસોમાં પૂ.'મા'નો આદેશ ગુરુમુખી પર આવ્યો કે તા.૨૪/૧૨/૨૧ના રોજ દેવપ્રયાગથી કોટેશ્વરની પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે જેને પણ નામ નોંધવવા હોય તે બે-ત્રણ દિવસમાં શ્રી રાજીવભાઈને નોંધાવી શકે. ઉંમરનો કોઈ બાધ નથી. મને ખૂબ ખૂબ આનંદ થયો. નામ નોંધાવી દીધું. અને અમદાવાદવાળા શ્રી પ્રશાંતભાઈનું નામ પણ નોંધાવ્યું. ટિકિટો

પણ ઓનલાઈન કનફર્મ મળી ગઈ. હરિદ્વાર જવાના આગલા દિવસે શ્રી પ્રશાંતભાઈએ સામાજિક કારણોસર પોતાની ટિકિટ રદ કરવા મને જણાવ્યું હું થોડો નારાજ થયો પણ મેં નક્કી કર્યું હતું. પૂ.'મા'ની કૃપાથી હું એકલો પણ જઈશ જ. આવું વિચારી બીજા જ દિવસે હું હરિદ્વારની ટ્રેનમાં બેસી ગયો અને તા.૨૨/૧૨/૨૧ના રોજ હરિદ્વાર આવી ગયો અને તા.૨૪/૧૨/૨૧ના રોજ પદયાત્રામાં જોડાઈ ગયો. જેનો મારા અંતરમાં ખૂબ ખૂબ આનંદ થઈ ગયો. આમ પૂ.'મા'એ મારી ઈચ્છા પૂરી કરી. મનોમન પૂ.'મા'નો મેં ખૂબ ખૂબ આભાર માન્યો.

દેવપ્રયાગથી લગભગ સવારે ૭ વાગે પદયાત્રા શરૂ થઈ. ઘણાં સાધક ભાઈ-બહેનોએ તેમાં ભાગ લીધો હતો. સૌ પોતાની મસ્તીમાં આનંદમાં પદયાત્રાનો આનંદ માણી રહ્યા હતાં. કેટલાક સાથે, કેટલાક એકાંતનો તો કેટલાક મંત્રજપ કરતાં કરતાં કેટલાક કુદરતી સૌંદર્યને માણતા કોઈ કોઈ ફોટાઓ પાડતા તથા ચૉકલેટ-ચીકી વગેરે પ્રસાદનો પણ આનંદ લેતા હતા. વચ્ચે વચ્ચે શ્રી રાજુભાઈ ભાવસાર, શ્રી અતુલભાઈ તથા શ્રી અશ્વિનભાઈએ પૂ.શ્રી'મા' પ્રભુના પ્રસંગો કહ્યા જેનો આનંદ અનેરો જ હતો. આમ સૌ આનંદ કરતાં કરતાં કોટેશ્વર મહાદેવ પહોંચ્યા. ત્યાંના કુદરતી સૌંદર્યને ખૂબ ખૂબ માણ્યું. ઘણા સાધકોએ ગંગાજીમાં સ્નાન કર્યું. મહાદેવના શિવલિંગ પર ઘણાંએ અભિષેક કર્યો મંદિરના મહારાજને યથાશક્તિ દક્ષિણા આપી. પ્રણામ કરી વિદાય લીધી.

આમ પૂ.'મા'-પ્રભુની કૃપાથી પદયાત્રાનો ખૂબ ખૂબ આનંદ આવ્યો.

—શ્રી વિનોદભાઈ સોલંકી



## ॥ શ્રદ્ધા જ મંઝિલ પર લઈ ગઈ ॥

એક ભગીરથ કાર્ય જે મારા માટે હતું તે પૂ.'મા'એ પાર પડાવ્યું.

તા.૨૫/૧૨/૨૧ પદયાત્રા શ્રી દેવપ્રયાગથી શ્રી કોટેશ્વર મહાદેવ.

યાત્રા મારા માટે અશક્ય તો ન જ હતી પણ કઠિન હતી. અશક્ય એટલા માટે ન હતી કેમ કે મને ખબર હતી. પૂ.'મા-પ્રભુ'એ હાથ ઝાલેલો છે મારો. કઠિન હોવાનું એકમાત્ર કારણ શારીરિક તકલીફ.

પણ આપણે તો આપણાં પૂ.'મા' પ્રભુના ચમત્કારો અને અનંત કૃપાથી વાકેફ છીએ.

આપણે તો બસ નિશ્ચય કરવાનો હતો કે આ સાહસરૂપી પદયાત્રામાં જોડાવાનું છે. બાકી બધી જવાબદારીઓ તો આપણાં 'મા-પ્રભુ' કહ્યા વગર જ ઉપાડી લે છે. માત્ર એક યાત્રા પૂરતી નહીં પણ આપણા જીવનની યાત્રાની પૂરેપૂરી ડોર આપણા પૂ.'મા-પ્રભુ' કહ્યા વગર જ સંભાળી લે છે.

એક શ્રદ્ધા અને અખંડ વિશ્વાસ જોઈએ. માનવશરીર છે આપણું, તો સ્વાભાવિક છે ૨૫ કી.મી.ની પદયાત્રા એક દિવસમાં કરવી એટલે થાક લાગે, પગ દુઃખે, શરીર દુઃખે પણ નવાઈની વાત તો એ છે કે આ બધું થવા છતાં પણ યાત્રા અધૂરી મૂકવાનો મનમાં જરાપણ વિચારમાત્ર ન આવે.

એ જ તો આપણી, આપણાં પૂ.'મા-પ્રભુ' પરની શ્રદ્ધા છે. તો કોઈએ કહ્યું છે ને.

'सब कुछ खोना पडे तो खो देना परन्तु अपने गुरु के प्रति श्रद्धा कभी मत खोना ।'

આપણે તો નિમિત્ત માત્ર છીએ, આ પદયાત્રામાં જોડાવા, સાચા અર્થમાં જોઈએ તે તો કંઈ કેટલાય જન્મોનાં પાપકર્મો આપણી આ પ્રભુની પગદંડી પરની પવિત્ર પદયાત્રા દ્વારા ધોવાઈ ગયાં હશે. તે આપણા જાદુગર પ્રભુ અને જગદંબા 'મા' જ જાણે !

—ડૉ. ગાર્ગી ત્રિવેદી

# ॥ પદયાત્રા-દૈવીકૃપા ॥

તા.૨૫/૧૨/૨૦૨૧ના રોજ દેવપ્રયાગથી કોટેશ્વર મહાદેવ (ટીહરીનો રસ્તે) પદાયાત્રાનું આયોજન થયું. લગભગ ૨૫ કી.મી.નો આ રસ્તો છે.

પૂ.'મા'ના એક સંકલ્પ માત્રથી આ યાત્રાનું આયોજન થયું. સૌને અગાઉથી જાણ કરવામાં આવી. જેથી અગાઉથી રીઝર્વેશન કરાવીને આવવામાં સુગમતા રહે. યાત્રાના આગલા દિવસે સૌ હરિદ્વાર પૂ.'મા' પાસે હાજર થઈ જાય છે. સૌને 'મા'નાં દર્શન કરીને હાશ થઈ, હળવાશ થઈ. યાત્રાની પૂર્વતૈયારીરૂપે ખાસ પૂ.'મા'એ યાત્રા માટેનો સત્સંગ રાખ્યો હતો.

'મા' કહે અહીં આવેલા સ્વજનો બધાં જ ઍવરેસ્ટ શિખર સર કરશે. કોને કોને પદયાત્રામાં જવું છે ? (સૌ આંગળી ઊંચી કરે છે.) 'જેણે આંગળી ઊંચી નથી કરી, તેને પરમાત્મા ઊંચકીને, ઉઠાડીને પરમાત્માનો પોઠિયો-બનવાનું સૌભાગ્ય ધરશે.'

ત્યારબાદ હળવો સત્સંગ થાય છે. 'મા' કહે પદયાત્રા કરતાં આ સ્મિતયાત્રા સારી, એમાં પ્રેશર વધઘટ ના થાય.

તમે બધા કષ્ટ સહીને સત્સંગનદીમાં સ્નાન કરવા માટે આવી શક્યા.

''વીરનરો'' - ''વીરનારીઓ'' - મફત ઍવોર્ડ બધાંને ! પૂ.'મા' જૂની વાતો વાગોળતાં કહે છે કે; ગંગાજીનાં દર્શન ના થાય ત્યાં સુધી પાણી પણ નહિ લેવાનો 'મા'નો નિયમ આજ સુધી પળાયો છે. પૂ.'મા' એક સુંદર બાંહેધરી આપતા કહે છે કે;

''સંતોના શબ્દોની એક શક્તિ, એક ઊર્જા હોય છે. તેને



ઝીલવાની જેની જેટલી ક્ષમતા, તેટલું તે પામે.' પદયાત્રા માટેનાં નામ સૌ પોતાની જાતે લખે છે.

'મા' કહે-''ચાલવું જ છે, ચલાશે જ''-એવા મક્કમ નિર્ધાર સાથે દરેક મંત્ર કે પ્રાર્થનાનો શણગાર સજાવતા રહેવાનું છે. એટલે મન શરીરમાંથી હટીને હરિમય થવા માંડશે.

આ જગતમાં આવ્યા, ને પાછા જવાનું જ છે, તેને પદમાં ગોઠવ્યું છે. (પૂ.'મા'એ સુંદર પદ રચ્યું છે.)

'અમે તો અહીંથી પાછા જઈશું
ખાલી હાથે કદી ના જઈશું.
ગંગાજીથી ગુજરાત નહિ-પૃથ્વી પરથી દેવલોક.'

- યાત્રાની જરૂરી સૂચના પણ પૂ.'મા' આપે છે જેમકે
- માર્ગમાં કોઈ બસ કે વાહન નથી.
- યાત્રામાં એક પણ હૉટલ કે ઘર પણ નથી.
- યાત્રા સીધા ચઢાણવાળી છે.
- એકસાથે ૮૦ સ્વજનો ચાલશે ને કોઈ પાછળ રહે જશે તો જવાબદારી કોની ?
- પોતે પોતાની ક્ષમતા વિચારીને સાથે ચાલવાની તૈયારી હોય તો જ પદયાત્રામાં પોતાનું નામ નોંધાવે.
- બને તો સાથે જ રહેજો.
- પદયાત્રામાં પૂરા ૮ કલાક ચાલવાનું છે.
- બપોરે ભોજન પણ મળવાનું નથી.
- બધા સમૂહમાં 'વરદહસ્ત' ગાઈને યાત્રા શરૂ કરજો.
- બને તો જે પાછળ રહી જાય તેની વહારે ચઢજો.
- સતત મંત્ર કે પ્રાર્થનાનું સાધન પકડી રાખજો.

• ચાલતી વખતે તમને તમારા સ્વૅટરનો કે સાધનોનો પણ ભાર લાગશે; એટલે જરૂર વગરનું એક પણ વધારાનું ના લેતાં.
• બસમાં વળાંકમાં પેટની ગરબડ હોય તો વિચારજો ભોજનમાં સુદર્શનની ગોળી સૌએ લઈ લીધી છે ?
• દેવર્ષિ પાસેથી પણ કોરોના અંગેની વાતો, સાવચેતીની વાતો સાંભળી.

પૂ.'મા'ના સાહસિક ગુણ પ્રમાણે 'મા' કહે કે વર્ષમાં એકવાર તો આવી યાત્રા કરવી જ-જેથી આપણા શરીરનું માપ કાઢી શકાય.

'મા' કહે; 'જઈ આવો, ને પ્રભુ મળે તો લઈ આવો.'

**પદ** 'કાન ખોલીને સાંભળો વાત રે
એને લઈ આવો મારી પાસ
જ્યાં હો ત્યાંથી એને બાંધો
પકડી ઊંચકી એને લાવો
પટાવીને પંપાળો આજ રે'

દેવપ્રયાગથી સવારે ૭.૦૦ વાગ્યે સમૂહપ્રાર્થના બાદ યાત્રા શરૂ થઈ. શરૂઆતનો ૨-૩ કી.મી.નો રસ્તો ખૂબ ચઢાણવાળો છે. દશરથાચલના ચઢાણનો જ એ રસ્તો છે. ત્યારબાદ સીધું આવવાનું આવે છે. પ્રાકૃતિક સૌંદર્ય તો અદ્‌ભુત હતું. 'મા' વારંવાર આપણને કહે છે કે હિમાલય તો આપણો છે એટલે એવી લાગણી થાય કે જાણે આપણે આપણા જ ક્ષેત્રમાં ચાલી રહ્યાં છીએ.

સૌંદર્યને માણતાં માણતાં ઘડીક ઊભાં રહી જેવાનું પણ મન થઈ આવતું. જાણે પ્રકૃતિને, સૌંદર્યને મનમાં કાયમને માટે ભરી લઈએ.

કહેવાય છે કે પ્રકૃતિ એ ઈશ્વરનું બીજું સ્વરૂપ છે. તેવો



અનુભવ કરાવવા જાણે આ યાત્રા હતી. ખૂબ શાંતિથી મનમાં જપ/પ્રાર્થના ચાલ્યા કરતી હતી. રસ્તામાં આપણાં જ કોઈ પદયાત્રી મળે તે જાણે 'મા'ની જ વાતો કરતાં હોય. સૌ ખુમારીથી, મસ્તીથી જાણે પોતાની અલૌકિક અવસ્થા હોય તે રીતે ચાલતા હતા. પોતાના શરીર તરફ કે પગ દુઃખે છે તે તરફ ધ્યાન જ ન હતું. લગભગ એકાદ કલાક થાય એટલે સૌ સાથે ઊભાં રહી જાય અને પૂ.'મા'ની દશરથયાત્રા કે પોતાના જીવનમાં 'મા'ની કૃપાના પ્રસંગો સાંભળતા. વળી પાછું ચાલવાનું શરૂ કરતાં.

પ્રભુના આ વિશેષ સાધનાના સ્થાનમાં પ્રભુની ખૂબ યાદ આવે એ સ્વાભાવિક છે. એ રીતે જોઈએ તો આ યાત્રાને 'સ્મરણયાત્રા' પણ નામ આપી શકાય. બપોરે લગભગ બે અઢી વાગ્યે કોટેશ્વરના સ્થાને (ગંતવ્ય સ્થાને) પહોંચ્યાં. વળી ત્યાં ઉતરાણ (નીચે ઉતરવાનું) ઘણું છે. પગથિયાં છે. છેક નીચે સુંદર શંકર ભગવાનનું મંદિર (સ્થાન) છે. ગંગાજીનો મૂળ પ્રવાહ છે. ગંગાજીનાં દર્શન કર્યાં, ગંગાજળ લઈને શંકર ભગવાનને અભિષેક પણ કર્યો ખૂબ સરસ, શાંત, રમણીય, એકાંતિક આ સ્થાન છે.

યાત્રાના બીજે દિવસે સવારે પૂ.'મા'નાં દર્શન-સત્સંગનો લાભ મળ્યો.

પૂ.'મા' કહે, 'પ્રકૃતિનાં દર્શન કરતાં કરતાં ગઈકાલની યાત્રા બે દિવસ સુધી પણ થાય.'

• જ્યાં મન થાય ત્યાં ઊભાં રહી જવાનું.
• અમે આબુ હતાં, પૂ.શ્રી સાથે નખીલેક(તળાવ) પર ચાલતાં હતાં.

અમે પૂછ્યું; ''મહાત્માજી, આ પર્વતમાં પ્રભુ કેવી રીતે

જોવાય ? કેવી કલ્પના કરવાથી પ્રભુ દેખાય ?'' તો પૂ.શ્રી કહે; ''પ્રકૃતિ જ પરમાત્માનું રૂપ છે. પર્વતરૂપે ઋષિ બેઠા છે, તે આપણાને જોયા કરે છે, એવી ભાવના કરવી.''

- 'સત્યપથ'માં મંદિરવાળા રૂમમાં એક ગોખ હતો. ત્યાં અમે એક સ્વરૂપ મૂક્યું અને પૂ.શ્રીને કહ્યું, ''હવે આપણને એ દેખાયા કરશે. કારણ આપણી સામે જ તે છે.'' આપણે સ્વરૂપને જોયા કરીએ તે રીતે મૂક્યું છે. તો પૂ.શ્રી

કહે, ''ના, એવું નહિ, એ આપણને જોયા કરે છે. આશીર્વાદ આપ્યા કરે છે.'' આવી સમજ મહાપુરુષ વિના કોણ આપણને આપે ?

- એ અર્થમાં ગઈકાલની તમારી યાત્રામાં પર્વતે પણ દેવત્વ ધારણ કરીને તમારી યાત્રા સરળ અને સફળ બનાવી.
- ભૂલમાં પણ એવું ના માનતા કે, 'અમે આ પગથી, અમારી શક્તિથી ચાલ્યા !'
- આપણી પાછળ ઘણાંબધાં તત્ત્વો કાર્યરત હોય છે.
- એકાદ ઠોકર ખાઈને પડી જાત ને બ્રેઈનહેમરેજ થઈ જાત તો તો યાત્રા જ બંધ થઈ જાય.
- માટે આપણે અહીં આવી શક્યાં તેમાં પણ નાનાં-મોટાં અનેકના સહયોગ ને શુભેચ્છા હતાં.

સત્સંગ બાદ સૌને પૂ.શ્રી'મા' શ્રી લક્ષ્મીજીની પ્રસાદીવાળું કવર આપે છે. ફૂલ અને ચૉકલેટનો પ્રસાદ પણ અપાય છે.

પૂ.'મા' કહે; 'તમને પ્રભુનો જે પ્રસાદ (કવર) મળ્યો છે. તે બીજી યાત્રા માટે છે બજાર માટે નથી. હૉટેલ માટે નથી. ખરીદી માટે નથી.'

—શ્રી મયૂરી ટેલર



# ॥ 'મા' સ્મરણથી ઝંકૃત પદયાત્રા ॥

'મા'ની અસીમ કૃપાથી તા.૨૫ ડિસેમ્બર'૨૧ના યોજાયેલ પદયાત્રા (દેવપ્રયાગ-કોટેશ્વર મહાદેવ)માં હું સહભાગી બની શકી. 'મા'ની પરમ કૃપાનો લહાવો મને મળ્યો જે મારે મન અમૂલ્ય છે.

આ પદયાત્રા શું એક પદયાત્રા માત્ર જ હતી ? 'મા'ની પરમ કૃપાનો અનુભવ કરાવતી, દરેક પગલે મનમાં ઘંટારવ કરતી (આ જીવન અને તેનું ધ્યેય શું ?) દરેક પગલે કુદરત અને પ્રભુની લીલાનો અનુભવ કરાવતી આ કેવળ એક પદયાત્રા નહોતી. પ્રભુના પંથ પર ચાલવાનું સૌભાગ્ય-જીવનને કલ્યાણપંથે લઈ જવાની યાત્રા. મા-પ્રભુની કૃપા વિના કેવી રીતે થઈ શકે ? સંસારમાં અટવાયેલા મારા જેવા અબુધ બાળક પર આ 'મા'ની પરમ કૃપા જ હતી.

પરમ કૃપાળુ 'મા'ની કૃપા સૌ બાળકો પર કેટલી અપરંપાર છે, ખરેખર એક 'મા' જ કેવળ દરેક પગલે બધાં બાળકોનું હિત વિચારી શકે. 'મા' પરમજ્ઞાની છે છતાં એમના હૃદયમાં વહેતું મમતા-પ્રેમનું ઝરણું આપણા સૌનાં જીવનને પવિત્ર કરવા મથી રહ્યું છે. જ્ઞાનની સર્વોચ્ચ કક્ષાએ પહોંચ્યાં પછી પણ પ્રત્યેક ક્ષણ આપણે સૌ બાળકોનાં જીવનનું કેવી રીતે કલ્યાણ કરવું ? એ માત્ર 'મા' પ્રત્યેક ક્ષણ વિચારે છે એનો અનુભવ આ પદયાત્રા દરમ્યાન મેં કર્યો.

તા.૨૫ ડિસેમ્બરે 'મા-પ્રભુ'ના આશીર્વાદ હરિદ્વાર-આર્ય નિવાસ પરથી મેળવી ૨ વાગે દેવપ્રયાગ જવા બસ દ્વારા નીકળ્યાં. હરિદ્વાર થી દેવપ્રયાગનો રસ્તો પણ ખૂબ સુંદર અને મા-પ્રભુના બાળકોના ઉત્સાહ અને ભાવમય ગીતો દ્વારા એક અનોખી દિવ્યતા વાતાવરણમાં ભરી દીધી. છ વર્ષની બાળકીથી લઈ ૭૫-૮૦ વર્ષના વૃદ્ધો સૌ એક જ કુટુંબનાં બની, એક જ

ધૂનમાં 'મા-પ્રભુ'ની કૃપાને માણી રહ્યાં હતાં.

'મા-પ્રભુ'નું કેટલું ધ્યાન, કેટલી ચીવટ સાથેનું આયોજન. બધાં જ સેવક ભાઈ-બહેનોની તૈયારી ખૂબ જ વ્યવસ્થિત હતી.

સૌ પહેલાં દેવપ્રયાગ પર પહોંચી પ્રભુની કુટિયાનાં દર્શન કર્યાં. આ એ જ ભૂમિ જ્યાં પ્રભુએ કઠોર સાધના કરી, જેનાં સ્પંદનો, એ ભૂમિની હું ઝંખના કરતી હતી જ્યારે મેં જુલાઈમાં 'મા-પ્રભુ'ની કૃપાથી પારાયણ કર્યું. શું 'મા-પ્રભુ'એ મારી ઇચ્છા સાંભળી હશે ? કેવી રીતે આ અદ્‌ભુત યાત્રામાં હું સહભાગી થઈ શકી ? 'મા-પ્રભુ'ની કૃપા વિના બધું જ અશક્ય છે. ખૂબ સાત્ત્વિક રાત્રિભોજન-પ્રાર્થના-પ્રસાદ વિતરણ બાદ સવારની પદયાત્રા માટે માને પ્રાર્થના કરી.

અનેરા ઉમંગ અને ઉત્સાહ સાથે સવારે ૪ વાગે દેવપ્રયાગની ભૂમિ પર પ્રણામ કર્યાં. સૌ સાધક ભાઈબહેનોએ 'મા-પ્રભુ'નો જયઘોષ બોલાવી લગભગ ૬:૧૫ વાગે પદયાત્રાનો આરંભ કર્યો. શરૂઆતના ૪ કી.મી. પર્વતીય કેડી જેવા રસ્તા પર ચાલતાં-ચાલતાં સૌને અનુભવ થયો કે આ યાત્રા સહેલી નથી. યાત્રા દરમ્યાન સાધક ભાઈ-બહેનોએ 'મા-પ્રભુ'નો સત્સંગ કરાવ્યો. 'મા-પ્રભુ'ની અસીમ કૃપાથી સૌના જીવન કેવાં ભરેલાં અને ખુશ છે.

મારી ઇચ્છાઓ-ઝંખના 'મા-પ્રભુ'ની સાથે રહેવાની પ્રબળ બનતી ગઈ. ક્ષણે-ક્ષણ દરેક પગલે એવું જ ઇચ્છતી હતી કે બસ આ યાત્રા આમ જ ચાલે, 'મા-પ્રભુ'નો પ્રેમ આવી જ રીતે અનુભવ્યા કરું. અવર્ણનીય કુદરતી સૌંદર્ય, પવિત્ર વાતાવરણમાં સૌ સાધક ભાઈ-બહેનો જોડે યાત્રા કંઈક અલગ જ હતી. મારી આ પ્રથમ યાત્રા હતી. પણ સૌએ મને ભરપૂર પ્રેમ આપ્યો.

કંઈક અલગ જ અનુભૂતિ થઈ રહી હતી. એ દિવ્યતા-શૂન્યતાનો અનુભવ હું વર્ણવી શકું તેમ નથી. પણ આ માટે



પ્રત્યેક ક્ષણ અને પ્રત્યેક પગલે 'મા-પ્રભુ'નો આભાર માનું છું.

લગભગ બપોરે ૩.૦૦ વાગે સૌ કોટેશ્વર મંદિર પહોંચ્યાં. અહીં જાણે 'મા' ગંગા મહાદેવની પ્રદક્ષિણા કરતાં હોય તેમ મંદિરને ઘેરીને તેમની દિવ્યતા ચારે-બાજુ પ્રસરાવી રહ્યાં છે. ખળ-ખળ વહેતો પ્રવાહ ખૂબ અવાજ કરીને જાણે મને બોલાવી રહ્યો છે. થોડા ડર સાથે કે પાણી ખૂબ ઠંડું હશે મેં પગ બોળ્યા, પણ આ શું પગ બોળ્યા અને 'મા-પ્રભુ'એ જાણે પ્રેમાળ હાથ ફેરવીને યાત્રાનો સઘળો થાક હરી લીધો. જો કે થાક લાગ્યો જ નહોતો કેમકે મન સદાય 'મા-પ્રભુ'ના સ્મરણના લીધે થનગનાટ અનુભવતું હતું. મને તો એ ગંગાનાં ખળ ખળ કરતા પ્રવાહમાં, એ જળની મધુરતામાં, કોટેશ્વર મહાદેવના મંદિરમાં સઘળે 'મા-પ્રભુ'ની કૃપાનો જ અનુભવ થતો હતો.

આ એક પરમ કૃપાળુ 'મા'ની કૃપા જ છે જે મારા જેવા અજ્ઞાની બાળકના જીવનનું કલ્યાણ કરી રહ્યાં છે. આ યાત્રામાં બધાં જ સાધક ભાઈ-બહેનોએ ખૂબ પ્રેમ આપ્યો (પણ જેમના થકી આ યાત્રામાં સહભાગી બની શકી તેવા રાજશ્રીબેન, જયશ્રીબેન, શોભનાકાકી, રાજીવમામા સૌની ખૂબ-ખૂબ આભારી છું. 'મા-પ્રભુ'ના સૌ સાધક ભાઈ-બહેનોનો પણ ખૂબ ખૂબ આભાર.)

આ પદયાત્રા ઘણી બધી રીતે અલૌકિક હતી. એનું વર્ણન કરવાની ક્ષમતા તો નથી પણ 'મા-પ્રભુ'ની આજ્ઞા અને 'મા-પ્રભુ'એ જ લખ્યું છે. 'હે 'મા-પ્રભુ', આપના ચરણોમાં કોટિ-કોટિ પ્રણામ.' 'મા-પ્રભુ' હંમેશાં સાથે રહેજો. ખૂબ ભક્તિ અને શક્તિ આપો, સાથે રહી માર્ગદર્શન કરજો. આવી જ રીતે અવિરત તમારી કૃપાના વરસાદમાં ભીંજાવા દેજો, તમારા પરમકૃપાળું સાથની હૂંફ માણવા દેજો, તમારા માર્ગદર્શન થકી તાપમાં તપવા દેજો.

—શ્રી શૈલી

# ॥ દેવપ્રયાગથી કોટેશ્વર ॥

પરમ પૂજ્ય શ્રી 'મા-પ્રભુ'ની કૃપાથી લગભગ ૩ વર્ષ પછી શ્રી ગંગાજી-અંકે જવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.

પૂજ્ય શ્રી 'મા'નો સંદેશો આવ્યો કે પદયાત્રાનું આયોજન થયેલ છે જેને અનુકૂળ હોય એ આવી શકે. ટિકિટ બુકિંગ થઈ ગયું.

તા.૨૪/૧૨/૨૦૨૧ની વહેલી સવારે અમે સૌ ટ્રેનમાં બેસી ગયા. બીજે દિવસે સવારે લગભગ ૮:૩૦ વાગે હરિદ્વાર પહોંચી ગયા.

સવારે ૧૧.૦૦ વાગ્યાની બેઠકમાં શ્રી ગંગાજી અને પૂજ્ય શ્રી'મા'નાં દર્શનનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. પૂજ્ય શ્રી'મા'એ યાત્રા માટેની જરૂરી સૂચનાઓ આપી.

સૌએ મૌન રહી, સાથે રહી યાત્રા કરવાની છે.

બેઠક પૂર્ણ થયા બાદ શ્રી ગંગાજી-અંકે થોડો સમય વિતાવ્યો. ત્યારબાદ ભોજન કરી સૌએ યાત્રા માટે ૨.૩૦ કલાકે બસમાં બેસી દેવપ્રયાગ જવા માટે પ્રસ્થાન કર્યું.

દેવપ્રયાગ પહોંચી શાંતાશ્રમની કુટિયાનાં દર્શન કર્યાં. ત્યાં નવ મંત્રગાન અને વરદ હસ્તની પ્રાર્થના કરી. હૉટેલ પહોંચી પ્રાર્થના કરી ભોજન લીધું અને આરામ કર્યો.

બીજે દિવસે સવારે લગભગ ૭.૦૦ વાગ્યે દેવપ્રયાગથી નવમંત્રગાન, વરદ હસ્તની પ્રાર્થના કરી યાત્રાનો પ્રારંભ કર્યો. ૨-૩ કીલોમીટરની યાત્રા દશરથાચલના માર્ગે થઈ ટીહરી જવાના માર્ગે ચાલ્યા.

આખી યાત્રાનો માર્ગ હિમાલયની ગિરિમાળાની વચ્ચે હતો. ખૂબ અદ્ભુત એ દ્રશ્યો હતાં. વચ્ચે શ્રી ગંગાજીનાં પણ દર્શન થતાં. આખો માર્ગ ખૂબ શાંતિવાળો હતો. પક્ષીઓના કલરવ પણ



સાંભળવા મળ્યા. આખા માર્ગે પ્રભુસ્મરણ થયું. થાક લાગે ત્યારે થોડીવાર ઊભા રહી જવાતું. પછી પાછી હિંમત મળી જતી.

મંદિરે જવાનો માર્ગ નીચે પગથિયાં ઊતરીને જવાનો છે. લગભગ ૩.૦૦ કલાકે કોટેશ્વર મહાદેવના મંદિરે પહોંચી ગયાં. ત્યાં સૌ ભક્તોએ મંદિરમાંથી કળશ લઈ ગંગાઘાટેથી ગંગાજલ ભરીને શિવલિંગનો અભિષેક કરવાનો એવી પ્રણાલિકા છે. ઘણા ભક્તોએ ત્યાં સ્નાન પણ કર્યું. શ્રી ગંગાજીનાં દર્શનથી અને પગ એમનાં શ્રી અંકે મુકવાથી તો જાણે બધો થાક ઊતરી ગયો એમ લાગ્યું. મંદિરનું સ્થાન ખૂબ જ સુંદર, શાંતિવાળું છે. એમ થાય કે ત્યાં જેટલો સમય વિતાવીએ એટલો ઓછો. શ્રી ગંગાજી-અંકે થોડીવાર બેસી પ્રાર્થના કરી, સૌ ભક્તો બસમાં બેસી હરિદ્વાર જવા રવાના થયા.

બીજે દિવસે સવારે ૧૧.૦૦ની બેઠકમાં પૂજ્ય શ્રી'મા'નાં દર્શનનો-સત્સંગનો લાભ મળ્યો.

- પૂજ્ય શ્રી'મા'એ પૂછ્યું કોને કોને પગ દુઃખે છે ?
- તમે સૌ એવું ના માનતા કે અમે અમારી શક્તિથી યાત્રા કરી છે.
- ત્યારબાદ યાત્રીઓએ પોતાના અનુભવો કહ્યા.
- પૂજ્ય શ્રી'મા'એ સૌને શ્રી લક્ષ્મીજીનો પ્રસાદ, એક ગુલાબનું પુષ્પ અને ચૉકલેટનો પ્રસાદ આપ્યો.
- શ્રી લક્ષ્મીજીનો પ્રસાદ આપતા કહ્યું કે આ પ્રસાદ બીજી યાત્રા માટે છે. આ આખી યાત્રા ખૂબ સરસ રહી.

શ્રી ગંગાજી-દર્શન, પૂજ્ય શ્રી'મા'નાં દર્શન અને સૌ સખીઓ સાથે ઘણા સમય પછી યાત્રા કરવા મળી. ખૂબ આનંદ...આનંદ...આનંદ.

હે 'મા', આવી ને આવી જ યાત્રાઓ કરાવતાં રહો એવી પ્રાર્થના.

**—શ્રી પૂજા**

# ॥ કોટેશ્વર મહાદેવયાત્રા ॥

આ યાત્રા માટે નામ શ્રી રાજીવભાઈને નોંધાવ્યું. તા.૧૬/૧૨/૨૧ ટ્રેનમાં ટિકિટ પણ બુક થઈ ગઈ. તા.૨૨/૧૨/૨૦૨૧ અને ૨૩/૧૨/૨૦૨૧. સવારે મેસેજ મળે છે કે યાત્રા કૅન્સલ છે. પણ પૂ.'મા'ની કૃપાથી મનમાં સહેજ પણ નિરાશા ના ઊપજી પરંતુ એમ જ થયું કે ચાલો કાંઈ વાંધો નહિ હરદ્વારમાં આપણાં પૂ.'મા' સાથે તો રહેવા મળશે અને ગંગાજીમાં સ્નાન કરીશું. ૨૩મીએ સાંજે ૪.૦૦ની બેઠકમાં પૂ.'મા'એ કૃપા કરીને કહ્યું કે, ૨૪મીએ સવારે બસમાં જઈ શકાશે. અને જેની ઇચ્છા હોય તે ૨૮મીએ પદયાત્રા પણ કરી શકશે. ત્યારે એમ લાગ્યું કે આપણી તો લૉટરી લાગી ગઈ. આનંદ આનંદ થઈ ગયો. રાત્રે જ હરિદ્વારમાંથી પદયાત્રા માટે સ્પોર્ટ શૂઝ ખરીદ્યા. ૨૫મીએ સવારે નિરંજન અખાડા સેકુ પાર્કિંગથી સમયસર બે બસ ઉપડી. અને બપોરે કોટેશ્વર મહાદેવ પહોંચી ગયાં. ભાગીરથીમાં સ્નાન કર્યું, ભાગીરથીનો પ્રવાહ ખૂબ જ જોરથી વહે છે. તેની ભરયુવાનીમાં હોય તેમ, જો તમે સહેજ એક ડગલું પણ અંદર જાવ તો તમને સાથે ખેંચી જાય. કોટેશ્વર મહાદેવ શિવલિંગને ભાગીરથીનો જળાભિષેક કર્યો. અભિષેક કરવા માટે ત્યાં સરસ મજાના તામ્રકળશ મંદિર તરફથી જ મૂકેલા છે. બપોરે શ્રી ગૌતમભાઈના દીકરી તરફથી ભોજનપ્રસાદ ત્યાં જ બનાવેલું ગઢવાલી ભોજન ખીર, શાક, રોટલી, અથાણું, દાળ, ભાત અને છાશ તથા તલની ચાણીનું મળ્યું, સાંજે પરત દેવપ્રયાગ બંને બસ આવી પહોંચે છે. યાત્રીઓ સાંજે શાંતાશ્રમ કુટિયાનાં દર્શન કર્યાં. એક બસ પદયાત્રીઓ માટે રોકાય છે અને એક બસ હરિદ્વાર જાય છે અને વળી ત્રીજી બસ હરિદ્વારથી દેવપ્રયાગ અન્ય પદયાત્રીઓને લઈને આવે છે. રાત્રીમૂકામ રામકુંડ રિસોર્ટમાં કર્યો ત્યાંથી રાત્રે સુંદર ગંગાજીનાં દર્શન થાય છે.



તા.૨૫મીએ સવારે શાંતાશ્રમ નીચેથી પ્રાર્થના વરદહસ્તની કરી અને જયકૃપાળુમાના જય ઘોષ સાથે પદયાત્રા શરૂ થઈ. લગભગ ૨૮ ભાઈઓ અને ૩૮ બહેનો એમ કુલ ૬૬ ભક્તોએ યાત્રામાં ભાગ લીધો. પદયાત્રા દરમિયાન સુંદર પ્રેરણાત્મક સત્સંગ શ્રી રાજુભાઈ યાત્રીએ સૌને કરાવ્યો. આ યાત્રા દરમિયાન જુદા જુદા નિયમો લેવાયા અને પૂ.'મા'ની કૃપાથી પૂર્ણ પણ થયા. જેવા કે, મૌન, સતત મંત્રજાપ, વરદ હસ્ત પ્રાર્થના વગેરે. યાત્રામાં સૌની નાની નિરાલી અને સૌથી વડીલ જેરામભાઈ હતા. યાત્રા દરમિયાન પ્રોટીનયુક્ત પ્રસાદ ચીકી કચરીયું, બિસ્કીટ, સૂંઠની ગોળી, એલચી, લવિંગ પૂ.'મા' તરફથી મળતો રહ્યો હતો, યાત્રામાં ૧૭ કી.મી. ડામરરોડ અને ૮ કી.મી. કાચો રસ્તો વળાંક અને ઢાળવાળા રસ્તે થઈ લગભગ ૨.૩૦ બપોરે સૌ કોટેશ્વર મહાદેવ પહોંચી ગયા. ભાગીરથીમાં સ્નાન કરી, શિવલિંગ પર જળાભિષેક કરી સૌ ૪.૧૫. બસમાં ગોઠવાઈ ગયા અને ૪.૨૫ બસ ઉપડી પણ ગઈ. સાંજે ૬.૧૫ દેવપ્રયાગ પહોંચ્યાં ત્યાં બીજલબેન પર પૂ.'મા'નો ફોન આવે છે. આલુ પરોઠાનું ભોજન લઈ ફરી ૭.૧૫ દેવપ્રયાગથી ઊપડી હરિદ્વાર રાત્રે ૧.૩૦ પહોંચી ગયાં. તા.૨૬મી એ સવારે ૧૦.૦૦ વાગ્યે પૂ.'મા' સાથે સૌ યાત્રીઓની બેઠક હતી જેમાં પૂ.'મા'એ કહ્યું કે,

- ધારો તે કરી શકીએ તેવી નિશ્ચયાત્મક બુદ્ધિ.
- આપણે સૌ એક દિવસ પ્રભુના પગલે ચાલી શક્યા.
- બધાંનો છેદ ઊડી જાય એવો દાખલો ગણવા હિમાલયયાત્રા.

Thank you શબ્દ તો ખૂબ નાનો પડે, પણ આ યાત્રા પૂ.'મા'ની કૃપા અને શક્તિથી જ સૌ કરી શક્યા એ નિઃશંક.

**–શ્રી અરુણભાઈ કણજારિયા(અમદાવાદ)**

# ।। રથી બન્યો પદયાત્રીનો સારથિ ।।

શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારે.
હે નાથ નારાયણ વાસુદેવ.

પરમાત્મા સાથે અતિશય શુદ્ધ, દિવ્ય અનુભૂતિ એક રાત્રીએ થઈ. જ્યારે જ્યારે કોઈ સ્વપ્નદર્શન થાય ત્યારે ઘરમાં રથી-તેજલ સાથે વાત થાય છે. ઉંઘમાં જ સતત જપ ચાલતા થઈ ગયા. ''શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારે ! હે નાથ નારાયણ વાસુદેવ'' આ અનુભવ પછી થોડાક જ દિવસમાં પદયાત્રાનું આયોજન થયું. મેં મારી ઈચ્છા જણાવી મારે પણ પદયાત્રા કરવી છે. ઘરમાં બધાં જ ના પાડે. બહુ કઠીન છે. આ પહેલાં પૂ.'મા'એ મને પદયાત્રા કે સાહસ કરી ચાલીને કે કષ્ટવાળી યાત્રા ન કરવી તેમ કહેલું. આ વખતે પૂ.'મા'એ ઉંમરનો કોઈ બાધ નથી બધી જ ઉંમરના સાધક યાત્રા કરી શકે જેને જેને દેવપ્રયાગ થી કોટેશ્વર મહાદેવ જવું હોય ચાલતાં તે નામ નોંધાવે. મન ઉદાસ થઈ ગયું બધાંએ જ વિરોધ કર્યો. પૂ.'મા'એ આ વખતે હા પાડી છે. તે જ શક્તિ આપશે. દરેક વખતે મારે ઈચ્છાઓ દબાવી રાખવી. દશરથાચલ પણ ના જવાયું રથી બહુ નાનો હતો હવે બધી જ અનુકૂળતા છે. રડવું પણ આવી ગયું. બાળરથીએ મને ખૂબ જ સાંત્વન આપ્યું 'બા ઉદાસ ના થાવ' તમારે પદયાત્રા કરવી જ છે તો હું તમારી સાથે જ રહીશ. તમે અમારા માટે ઘરના દરેક સભ્યની પડખે રહી ઊભા રહો છો. બધાંનું જ કરો છો. હું તમારી યાત્રા પૂર્ણ કરાવીશ જ. તરત જ તારકભાઈને ફોન કરી ટિકિટો બુક કરાવી. હરિદ્વાર આવી ગયાં શ્રી ગંગાજીનાં દર્શન કરવાની ઈચ્છા પૂર્ણ થઈ. પૂ.'મા'નાં દર્શન-પ્રણામ થયા. ત્યાં પૂ.'મા' કહે. તમારાથી ચલાશે ? ત્યાં કશું મળતું નથી. રસ્તો કઠિન છે.

રસ્તામાં કોઈ દુકાન આવતી નથી. કાચો રસ્તો છે. પહાડી છે. અજાણ્યા લોકો, ગજવામાં ધારદાર અસ્ત્રો રાખે. દીપડા વગેરે ફરતા હોય. મન ફરી ભારે થઈ ગયું. પણ પૂ.પ્રભુને પ્રાર્થના કરી આ પૂ.'મા'નું જ આયોજન છે તો એ જ પદયાત્રામાં પગલે પગલે સાથે રહી યાત્રા કરાવશે તો જ યાત્રા પૂર્ણ થશે. ને મનમાં ખૂબ જ આનંદ ઉલ્લાસ-દરિયાનાં મોજાંની જેમ ઉછાળા મારે તેમ બધું જ ભુલાવી મારું મન અલૌકિક પ્રેમ-હર્ષથી તરબોળ થઈ ગયું. યાત્રાનો આરંભ નવમંત્રગાનથી પૂ.'મા'ના આશીર્વાદથી 'મા'ના પ્રસાદથી થયો. બસમાં બધાં જ બેસી ગયાં. હરિદ્વારથી સીધા શાંતાશ્રમ પહોંચ્યાં થોડું અંધારું પણ થઈ ગયું હતું. બધાં જ નાની કેડી દ્વારા ઉપર ગયાં. દર્શન કર્યાં, પ્રણામ કર્યાં, બાવની કરી. પહેલાં જે (કષ્ટવાળો રસ્તો) ચઢાણ હતું તેનાં કરતાં ઘણી જ સરળતાથી ઉપર દર્શન માટે જઈ શક્યા. દેવપ્રયાગમાં રામકુંડમાં બધાનો ઉતારો હતો ત્યાં પણ પૂ.'મા'એ બધા માટે સુંદર આયોજન કરી કોઈપણ જાતની અગવડ ન પડે જમવાની, રહેવાની, નાહવા માટે ગરમ પાણીની ત્રણ-ત્રણ જણા વચ્ચે એક રૂમ જેથી બધા સરળતાથી નિત્યકર્મ પતાવી યાત્રાનો આરંભ સમયસર કરે.

તા.૨૫/૧૨/૨૦૨૧ની સુંદર સવાર થઈ. સવારે ૪ વાગે ઍલાર્મથી બધાંને જ તૈયાર થવાનો આદેશ મળ્યો સવારે છ વાગે દૂધ લઈ પદયાત્રા શરૂ થઈ. સતત જપ ચાલુ રાખ્યો. મનથી પૂ.પ્રભુએ પૂ.'મા'ને પ્રણામ કર્યાં. થોડું ચાલ્યા ત્યાં જ જે રસ્તેથી પૂ.પ્રભુએ ટીહરીની યાત્રા કરી હતી તે નાની કેડી ઘણી જ કઠિન છે. મનમાં થયું બધો રસ્તો આવો જ હશે તો મારાથી થશે કે કેમ ? મારી દશરથ જવાની, તેને માણવાની ઈચ્છા પણ આ યાત્રામાં પૂર્ણ થઈ. રસ્તામાં સતત જપ, હિમાલયદર્શન, ગંગાજીનું વિરાટ દર્શન બધા ભક્તોના હૃદયઆસને પૂ.'મા' વિરાજમાન હતાં પૂ.'મા-પ્રભુ' એ વિરાટ સ્વરૂપ કરી બધાંને પોતાની બાથમાં લઈ ડગલે-ડગલે જપ યાત્રા કરાવી રહ્યાં હોય. જાણે સતત પૂ.'મા' આપણી સાથે છે. ડગલે ડગલે આપણી આંગળી પકડી આપણાં રક્ષાકવચ બની પદયાત્રા પૂર્ણ થઈ. બાકી કોઈ શક્યતા જ ન હતી કે હું પદયાત્રા કરી શકું. ઘણાં વર્ષો પહેલાં પૂ.'મા'એ કહેલું કે અમે દેવપ્રયાગથી પદયાત્રા કરવાનાં છીએ આવશો ? અમે 'મા'ને જવાબ આપેલો 'તમે કરાવશો તો કરશું.' આ ઈચ્છા પણ પૂર્ણ થઈ પૂ.'મા' સતત આપણી સાથે, આપણી પાસે જ છે. મારી રક્ષા પૂ.'મા' જ કરે છે. 'મા' તમો અમારી પાસે અમારી સાથે રહેજો એ જ પ્રાર્થના. પ્રણામ-પ્રણામ-પ્રણામ.

**–શ્રી જયશ્રીબેન પુરોહિત**

# ॥ પદયાત્રા-એક સુંદર ભેટ ॥

પૂજ્ય 'મા' અને પ્રભુના ચરણોમાં વંદન સાથે આભાર. યાત્રાનું આયોજન ડિસેમ્બરના અંતમાં થયું. ડિસેમ્બરનો અંત એટલે ક્રિસમસ અને નવા વર્ષની શરૂઆત. ક્રિસમસના દિવસે નાના બાળકોને Gift આપવામાં આવે અને કહેવામાં આવે કે સાન્ટા ક્લોઝે આ Gift આપી. મારી માટે તો મારા સાન્ટા ક્લોઝ કહો કે ઈશ્વર બધું જ 'મા-પ્રભુ'. જેમની પાસે તો માંગવું પણ ના પડે છતાં આપી દે. એમ આ દેવપ્રયાગથી કોટેશ્વર મહાદેવની પદયાત્રા એ જ મારી અવિસ્મરણીય ક્રિસમસ Gift !

યાત્રાની શરૂઆત થયા પહેલાં પૂ.'મા'ના દર્શનનું સૌભાગ્ય મળેલું. ત્યારે 'મા'એ કહ્યું કે આપણે આ યાત્રાને મંત્રથી, જપથી, સ્મરણથી શણગારવાની છે. પ્રભુસ્મરણ અને પ્રકૃતિશરણનો ખરેખરો સુમેળ આ યાત્રામાં થયો. ૨૫ કી.મી.ની આ પદયાત્રામાં પ્રભુ સ્વયં જાણે ડગલે ને પગલે સાથે હોય એવી પ્રતીતિ થયા કરતી હતી. પર્વતો સતત ધુમ્મસથી ઢંકાયેલા. જાણે આકાશમાં કોઈએ સફેદ ચાદર પાથરી હોય એવું લાગતું હતું. સવારે સૂર્યનારાયણ દેવ પણ ચંદ્ર જેવા લાગે એ જ તો હિમાલયની ખરી ઓળખ ! ત્યાંની કડકડતી ઠંડી પરથી પ્રભુની સહનશીલતાનો અહેસાસ ધ્રુજારી અપાવતો હતો. એ મહાપુરુષનો ત્યાગ, સંયમ, સમર્પણ અને આત્મસાક્ષાત્કારની લગની કેવી હશે એનો અંદાજ અપાવતી હતી. ક્યારેક રસ્તે ચાલતાં ઊર્જા ઘટે તો પેલી 'મા'ની આપેલી આદુની પીપર જાણે નવી ઊર્જાસ્રોત બની રહેતી. 'મા-પ્રભુ'ની કૃપાથી માર્ગ એટલો કઠિન ન લાગ્યો અને સરળતાથી ચલાયું. પૂ.'મા' સૂક્ષ્મ રીતે સતત સાથે હોય પછી આપણે ધારીએ તે કરી જ શકીએ. એવો મનમાં અતૂટ વિશ્વાસ નાનપણથી જ છે. અંતે કોટેશ્વર મહાદેવ પહોંચી ગયાં. ત્યાં ખૂબ સુંદર સ્થાનમાં મહાદેવજી બિરાજે છે. ખૂબ મોટું શિવલિંગ છે. જેમની ત્રણ બાજુ શ્રી ગંગાજી અવિરતપણે વહ્યા કરે છે. ત્યાંના પારદર્શક ગંગાજી આપણને પણ જીવનમાં ખુલ્લી કિતાબ બનવાનું શીખવતા હોય એવું લાગતું હતું. આમ, આ યાત્રા મારે માટે તો જીવનની સુંદર ભેટ સમી બની રહી. યાત્રા પૂર્ણ કર્યા પછી લાગે કે જાણે એક મોટી સફળતા મેળવી લીધી. આમ, આવી યાત્રાઓ પૂજ્ય 'મા' આપણી અંદરની શક્તિઓને જગાડવા માટે કરાવતા હોય છે. એવું સતત અનુભવવા મળે છે. Thank you Maa પ્રકૃતિના ખોળે આવી સુંદર યાત્રા કરાવવા માટે.

**—શ્રી સુકૃતિ**



# ॥ હિમાલય-પદયાત્રા ॥

હરિદ્વાર એટલે હિમાલયનું પ્રવેશદ્વાર. હરિદ્વારનું પ્રાચીન નામ માયાપુરી છે. શાસ્ત્રોમાં એનો ઉલ્લેખ એ જ નામથી કરેલો છે. સાત મોક્ષદાયિની પુરીઓમાં એની ગણના કરવામાં આવી છે. અને કુંભમેળા માટે પણ એની પુરાણ કાળથી પસંદગી થઈ છે. હિમાલયના તપઃપૂત પવિત્ર પ્રદેશમાં આવવા માટે હરિદ્વાર આવવું જ પડે છે.

હિમાલયનો પ્રદેશ તો સમર્થ પુરુષોના આશ્રયસ્થાન તરીકે પ્રાચીન કાળથી પ્રસિદ્ધ છે. હિન્દુ ધર્મશાસ્ત્રોએ હિમાલયને દેવભૂમિ ગણી છે. એ અક્ષરશઃ સત્ય લાગે છે.

જે પ્રજા અહીં વસે છે. તે પૂરેપૂરી રાષ્ટ્રભક્ત અને વફાદાર છે. શરીરે બેઠા કદની પણ બળવાન હોય છે. લોકો ગુણગ્રાહક અને કૃતજ્ઞ છે. પ્રજા લડાયક પણ છે.

દેવપ્રયાગ એટલે પ્રભુની પસંદગી પામેલી પવિત્ર સાધનાભૂમિ જ્યાં ગૃદ્ધાચલ, નરસિંહાચલ અને દશરથાચલ નામના ત્રણ પર્વતો છે. પ્રભુના સાધનાસ્થળ શાંતાશ્રમનું નવું સ્વરૂપ વિકસીત થઈ રહ્યું છે. તે પવિત્ર ધામનાં દર્શન કરીને તા.૨૫/૧૨/૨૦૨૧ની સવારે કોટેશ્વર મહાદેવ પદયાત્રા પ્રારંભ પામી. અવનવા વળાંકવાળા ગાઢ જંગલના રસ્તે ચાલતાં ચાલતાં પદયાત્રીઓને શ્રી ચંદ્રવદની દેવીનાં પણ દૂરથી દર્શન થાય છે.

આપણે સૌ ભાગ્યવાન ભક્તો પ્રભુના પાવન પગલે પગલે ચાલીશું. આ ટીહરીનો કાચો રસ્તો છે. જ્યાંથી પ્રભુ ટીહરી જવા માટે પસાર થયેલા. ત્યારે રાત્રે બે પુરુષોને એક સ્ત્રી પ્રભુને મળ્યા. તેઓએ શ્રી યોગેશ્વર પ્રભુને કહ્યું. રાતે અમારે ત્યાં આરામ કરજો ને કાલે સવારે આગળ વધજો. અમે અહીં દોઢેક માઈલ એક મહાદેવનું મંદિર છે. ત્યાંથી દર્શન કરીને આવીએ છીએ. આજે ત્યાં મોટો મેળો ભરાય છે. એ જ આ કોટેશ્વરનું મંદિર ત્યાં મેળો આજે પણ ભરાય છે. ૭૮ પદયાત્રીઓ બપોરે ૩.૦૦ વાગે કોટેશ્વર મહાદેવનાં દિવ્યદર્શન પામી ધન્ય બન્યાં. ભાગીરથી સ્નાન પછી કોટેશ્વર મહાદેવને જળાભિષેક કર્યા બાદ ભોજન. ઊંચા ઊંચા પર્વતોની વચ્ચે કોટેશ્વર મહાદેવ મંદિર આવેલું છે. મંદિરની ત્રણ બાજુ ભાગીરથી

નદી વહી રહી છે. અહીં ભાગીરથી ઉત્તર દિશા તરફ વહે છે.

પાંચેક વર્ષ પહેલાં સરકાર દ્વારા મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. જંગલમાં હોવા છતાં સગવડતાવાળું છે. મહારાજ ૪.૦૦ વાગ્યા સુધી હાજર હોય છે. ૪.૩૦ વાગ્યા પછી પ્રકાશ ઝાંખો થઈ જાય છે. અહીં ઘણાં જંગલી જાનવરો પણ રહે છે. સાધકોની સાધના માટેનું શ્રેષ્ઠ પવિત્ર સ્થાન છે.

આવા કુદરતી અલૌકિક વાતાવરણમાં મન સહેલાઈથી શાંત ને સ્થિર થાય છે. પરમાત્મા તરફ વહેવા માંડે છે. શાસ્ત્રો ને મહાપુરુષોએ એવા શાંત સુંદર ને એકાંત વાતાવરણમાં રહીને સાધના કરવાની જે સૂચના કરી છે. તેનો મર્મ એ વખતે સહેલાઈથી સમજાય છે.

જો તમને જીવનની શુદ્ધિ ને એને લગતી ધ્યાનાદિ સાધનામાં રસ હોય તો અહીં આવો. આ દૈવીભૂમિ તમારા માટે આશીર્વાદરૂપ થશે. અહીં આકાશમાં આજુબાજુ જે અનેક અલૌકિક પરમાણુ ફર્યા કરે છે. તે તમને મદદરૂપ થશે. નેત્રો મીચતાં જ અહીં સ્થિરતા થશે, શાંતિ મળશે. અને અવનવા અનુભવો થશે. વર્ષોનું કામ અહીં થોડા દિવસો રહેવાથી પૂરું થશે.

**'યાત્રા એ યાતના નથી, પરમને પામવાનું પગથિયું છે.'—પ્રભુ**

તા.૨૬મી આજે કર્ણપ્રયાગથી રૂદ્રપ્રયાગ સુધીની ૨૯ કી.મી.ની પદયાત્રા થઈ.

આજે ખૂબ ગાઢ ધુમ્મસ હતું. રૂદ્રપ્રયાગ હૉટલ અલકનંદામાં વિશ્રામ તા.૨૭મી, આજે પણ ૨૯ કી.મીની યાત્રા થઈ. શિવશક્તિ વૅલી હૉટેલમાં વિશ્રામ તા.૨૮મી આજે ૨૫ કી.મી.ની પદયાત્રા થઈ. હૉટેલ રીવર સાઈડ રીસોર્ટમાં વિશ્રામ. ઠંડી ખૂબ હતી અને જપ પણ ખૂબ થતા હતા. તા.૨૯મી બપોરે દેવપ્રયાગ પહોંચ્યા. સંગમ પર થઈને શાંતાશ્રમમાં 'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ, કાર્ય અમારું સફળ કર્યું.' ગાઈને પદયાત્રાનું સમાપન કર્યું. ભોજન બાદ પૂ.'મા'ના આદેશ પ્રમાણે કોટેશ્વર મહાદેવ પ્રસ્થાન. કોટેશ્વર મહાદેવને જળ અભિષેક કર્યા બાદ શિવસ્તુતિ કરી. શ્રી હેમલભાઈની ટીમ દ્વારા સુંદર વિડીયો રેકોર્ડીંગ થયું. કોટેશ્વર મહાદેવની વિદાય બાદ 'મા-પ્રભુ'ની કૃપાથી રાત્રે ૯.૦૦ વાગે હરિદ્વાર પહોંચી ગયા. તા.૩૦મીએ આર્ય નિવાસમાં સવારની ૧૦.૦૦ વાગ્યાની સત્સંગ બેઠકમાં પૂ.'મા' પ્રથમ લખે છે કે; તમને બધાંને એમ લાગે છે કે અમે સાહસ કરીને આવ્યાં છીએ. ભક્તો



કહે; 'ના મા'. પૂ.'મા' લખે છે કે 'હિમાલયના સિદ્ધો, સંતો, મહાત્માઓને એમ લાગ્યું કે આ યાત્રાથી હિમાલયનો મહિમા વધ્યો છે.' પ્રથમ શ્રી મહુભાઈ ભક્ત (શ્રી મહેન્દ્રસિંહ)ને પૂજ્ય 'મા'એ ખૂબ બિરદાવ્યા. બન્ને પગે નવા ઘૂંટણ સાથે તેમજ દિવસે નિર્જળાવ્રત સાથે પદયાત્રા કરી છે. પછી પૂ.'મા' લખે છે કે રાજુભાઈએ આ યાત્રા કરીને તેની અટક શોભાવી છે. રાજુભાઈ યાત્રી તો પદ ગવડાવીને પદયાત્રીઓનો ઉત્સાહ વારંવાર વધારી રહ્યા હતા. બધાં જ પદયાત્રીઓને પૂ.'મા'એ ખૂબ ભેટસોગાદોથી સન્માન્યા, સૌ ધન્ય બન્યા. તેમજ નવા વર્ષે પૂ.'મા'એ ભક્તોને ગંગા પૂજન કરાવીને પાપ હર્યા ને પવિત્ર કર્યા.

પદયાત્રામાં વારંવાર અનુભવાતું કે પૂ.'મા'ની કૃપા સિવાય શક્ય નથી. પૂ.'મા'એ રજવાડી યાત્રા કરાવી છે. શ્રી રાજીવભાઈની સેવા અદ્ભુત હતી. શ્રી હેમિશભાઈની પ્રસાદસેવા અને દેવભાઈની મેડીકલ સેવાએ ભક્તોને હાશ ધરી છે. શ્રી અશ્વિનભાઈ, શ્રી આશિષભાઈ તેમજ બધા જ ભક્તો ઘસાઈને ઉજળા થવાની તક ઝડપી લેતા હતા. ધન્યવાદ, મુખ્ય આભાર તો 'મા-પ્રભુ'નો હોય.

આપણે તીર્થોનાં દર્શનથી કૃતાર્થ બનીને બેસી ન રહીએ, પરંતુ પુરાણા દોષવાળા જીવનનો ત્યાગ કરીને વધારે સારું સેવામય, પવિત્ર, પ્રભુપરાયણ જીવન જીવવા તૈયાર થઈએ અથવા જીવનમાં ક્રાન્તિ કરીએ એ આવશ્યક છે. તીર્થોની યાત્રા ત્યારે જ સફળ બને છે.

**॥ પ્રવાસીને.....॥**

- 'પ્રવાસ કરવો એકલો સાથ ન કોઈ હોય,
  આશ્વાસનના શબ્દયે કહેનાર ના કોય.
  અજાણ મારગ કાપવો, તો પણ હાર ન હામ,
  પ્રભુમાં શ્રદ્ધા રાખ ને કર મંગલમય કામ.
- આ જીવનનાં પુણ્યપ્રવાસે એકલ આવી એકલ જાવું,
  અંતરની વીણાપર નિશદિન ગીત સનાતન એકલ ગાવું,
  આશા કેવળ એક મારી, ધ્યેયતણું વિસ્મરણ ન થાયે,
  પૂર્ણ કરું યાત્રાને ત્યારે પાછળ પગલાં પુનિત પડાયે.('પ્રસાદ' કાવ્યસંગ્રહ)

પ.પૂ.શ્રી યોગેશ્વરજીના આ અત્યંત પ્રાણવાન શબ્દોને મસ્તકે ધરી પ્રત્યેક યાત્રાનો આરંભ કરીએ.'

**—શ્રી ચંદ્રકાન્તભાઈ**